જાતકકથાસંગ્રહ

ભા. ૧

મૂળ સંગ્રાહક

અ. ધર્માનંદ કોસંબી

અનુવાદક

લીલાબેન છોટાલાલ પરીખ

પ્રકાશક

પ્ર સ્થા ન કા ર્યા લ ય

અ મ દા વા દ

પ્રકાશક
રણછોડજી કેસુરભાઈ મીસ્ત્રી
પ્રસ્થાન કાર્યાલય
અમદાવાદ

પહેલી આવૃત્તિ
*
સં. ૧૯૮૫
કિંમત

વાર્ષિક ફાળે ૦—૨—૦

છૂટક ૦—૩—૦

મુદ્રક
ચીમનલાલ ઈશ્વરલાલ મ્હેતા
વસંત મુદ્રણાલય
ઘીકાંટારોડ, અમદાવાદ

નિવેદન

મહાન પુરુષો એક જ જન્મમાં મહાન થઈ જતા નથી. એક જન્મની મહત્તા પાછળ કેટલા યે જન્મોની ભીષણ તપશ્ચર્યા રહેલી હોય છે. મહાન પુરુષોની મહત્તાની ચાવી એ તપશ્ચર્યાયુક્ત જન્મોની કથામાંથી જ જડે છે.

જાતકકથાઓ એ ભગવાન બુદ્ધના પૂર્વ જન્મની કથાઓ છે. દાન, શીલ, નૈષ્કર્મ્ય, પ્રજ્ઞા, વીર્ય ક્ષાંતિ, સત્ય, અધિષ્ઠાન, મૈત્રી અને ઉપેક્ષા—આ દશ ગુણોમાં પારંગતતા પ્રાપ્ત કરવા બોધિસત્ત્વે કેટલા યે જન્મો અખંડ સતત પ્રયત્નો કર્યા અને છેવટે 'બુદ્ધ' થયા. આપણે પણ નમ્ર ભાવે સતત યત્ન કરીએ તો જીવનને ઉન્નત કરી શકીએ.

આ જાતકકથાઓ સુપ્રસિદ્ધ બૌદ્ધધર્મપંડિત ધર્માનંદ કોસંબીએ મૂળ પાલી ગ્રન્થોમાંથી એકઠી કરી મરાઠીમાં ઉતારી છે અને તેનો ગૂજરાતી અનુવાદ શ્રીમતી લીલાબેન છોટાલાલ પરીખે કર્યો છે. એ માટે એ બન્ને લેખકોનો હું આભારી છું.

આવો જ એક બીજો જાતકકથાસંગ્રહ ગૂજરાતીમાં બહાર પડયો છે. તે વાર્તાઓ પાલીમાંથી ઈંગ્રેજીમાં રૂપાંતર થઇ છે અને ઈંગ્રેજીમાંથી ગૂજરાતીમાં રૂપાંતર થઇ છે; જ્યારે આ કથાઓ મૂળ પાલી ગ્રન્થોમાંથી લેવામાં આવી છે; અને જો કે સારરૂપ છે તોપણ મૂળની શૈલી એમાં જળવાઈ રહી છે. આ કથાઓને જો સારો આવકાર મળશે તો બાકીની કથાઓ આ જ રીતે બે ત્રણ ભાગોમાં બહાર પાડવા ઉમેદ છે.

પ્રકાશક

ઉપોદ્ઘાત

આ જાતકકથાઓનો અનુવાદ અનેક દૃષ્ટિએ આવકારને યોગ્ય છે.

બૌદ્ધ ધર્મે આપેલું ધમ્મપદ જેમ હિંદના સાહિત્યમાં, અને કદાચ જગતના સાહિત્યમાં પણ, ચૂંટી કાઢેલાં કાવ્યોનો પ્રથમ સંગ્રહ છે, તેમ જાતકકથાઓ પણ એ જ ધર્મે આપેલ કલ્પિત વાર્તાનો પ્રથમ સંગ્રહ છે. ચાતુર્યની, વ્યવહારકૌશલની, વ્યવહાર તેમ જ નીતિના બોધની બધી વાર્તાઓનું આ મૂળ છે. જૂના કાળથી ફારસી વગેરે ભાષાન્તરોથી જગતપ્રસિદ્ધ થયેલ આપણા પંચતંત્રનો આ પાયો છે.

આ કથાઓ જોકે બુદ્ધ ભગવાન પછીના કાળમાં સંગ્રહાઈ છે છતાં એ વાર્તાઓ અને તેમાં વર્ણન કરેલ સમાજ બુદ્ધનો સમકાલીન હશે અથવા તેથી યે પ્રાચીન હશે એમાં સંદેહ નથી. એ પ્રાચીન જમાનાની સ્થિતિ ઉપર આ વાર્તાઓથી ઘણો પ્રકાશ પડે છે.

પણ જાતકકથાની વિશિષ્ટતા એ છે કે સર્વ પ્રકારના અધિકારીઓને માટે તે એક સરખી હિતાવહ અને રુચિકર છે. આ વાર્તાઓ મૂળ ધર્મનાં સત્યોનો ઉપદેશ કરવાને માટે પ્રયોજાઈ છે. ક્રાઇસ્ટ વાર્તાઓ દ્વારા પોતાનો ઉપદેશ આપતો તે પહેલાં સૈકાઓ પહેલાં બુદ્ધ ભગવાને એ પદ્ધતિનો ઉપયોગ કરેલો છે. જીવનનાં અતિ ગંભીર સત્યો આ વાર્તામાં વ્યક્ત થાય છે. અને બૌદ્ધ ધર્મનો ઉદ્દેશ સમાજના

ઉત્તમ તેમ જ મધ્યમ અને અધમ સ્થિતિના ગણાતા માણસોને માટે પણ હોવાથી તેની પદ્ધતિ અને શૈલી અત્યન્ત સરલ, નિરાડંબરી અને ઋજુ છે. સરલતામાં તે લોકવાર્તા સાથે સરખાવાય તેવી છે. કદાચ આમાંની કેટલીક વાર્તા સંગ્રહ થયા પહેલાં લાંબા કાળથી લોકવાર્તા તરીકે પ્રચલિત પણ હશે. પણ લોકવાર્તામાં કલ્પનાના અસંયત વિહારથી જે ક્યાંક ક્યાંક ગ્રામ્યતા અને અશ્લીલતા આવવાનો ભય રહે છે તેનો આમાં સંભવ નથી કારણકે આ વાર્તાઓ ધર્મના ગળણે ગળાયેલી છે. આ વાર્તાઓ વિદ્વાન અવિદ્વાન, બાલ યુવાન વૃદ્ધ સર્વને માટે એક સરખી ઉપયોગી છે. આના જેવું સર્વભોગ્ય હિતકર સાહિત્ય ઘણું થોડું મળી શકે.

આ કથાઓની પસંદગી અને પ્રામાણિકતા માટે કાંઈ કહેવાની જરૂર નથી કારણકે બૌદ્ધ સાહિત્યને માટે પૂર્વ અને પશ્ચિમ બન્ને ગોલાર્ધમાં પ્રમાણભૂત મનાયેલા પંડિત ધર્માનંદ કોસંબીની આ મૂળ કૃતિ છે.

એનો અનુવાદ પણ વિષયને યોગ્ય સરલ થયો છે તે તો હરકોઈ વાંચનાર કહી શકશે. સરલતાને લીધે આપણા વધતા જતા બાલ-સાહિત્યમાં આ અગત્યનો ઉમેરો ગણાવા યોગ્ય છે. કેટલાક લેખકો બાળકોને સામાન્ય કરતાં જુદી જ કોઈ શૈલી જોઈએ એમ માને છે પણ એવી શૈલી કૃત્રિમ થઈ જવાનો ઘણો ભય છે. બાળકોની સાથેના કૃત્રિમ વ્યવહારથી જેમ બાળકો બગડે છે તેમ જ તેમના સાહિત્યમાં કૃત્રિમ શૈલી દાખલ કરવાથી તેમની ભાષાની કેળવણી બગડે છે.

આવું ઉપયોગી સાહિત્ય સ્વાભાવિક સરલતાથી ભાષાન્તર કરી ગુજરાતીમાં મૂકવા માટે અનુવાદક બહેન લીલાવતીને અભિનંદન ઘટે છે. તેઓ આ દિશામાં બીજા આવા પ્રયત્નો કરશે એમ આશા રાખીએ છીએ.

રામનારાયણ વિ. પાઠક

અનુક્રમણિકા

૧ હાથનું છોડીને દોડતાની પાછળ લાગવું નહિ

[અપણ્ણક × જાતક નં. ૧]

જૂના વખતમાં વારાણુસી નગરીમાં બ્રહ્મદત્ત * નામે રાજા રાજ્ય કરતો હતો. તે વખતે એક મોટા શાહુકારને ત્યાં બોધિસત્ત્વનો જન્મ થયો હતો. યોગ્ય ઉંમરનો થયા પછી તે પાંચસે ગાડાં સાથે લઇને વેપાર માટે પરદેશ જતો. કોઈ વખત ઊગમણી દિશામાં જતો, તો કોઈ વખત આથમણી દિશામાં જતો.

એક વખત ચોમાસું પૂરૂં થયા પછી બોધિસત્ત્વે પરદેશ જવાની તૈયારી કરી. તે જ વખતે બીજો એક વેપારી પોતાની પાંચસે ગાડીઓ લઇને તે જ રસ્તે જવા તૈયાર થયો.

બોધિસત્ત્વે તે વેપારીને કહ્યું : " મિત્ર, આપણે બન્ને જો સાથે એક જ રસ્તે જઈશું તો આપણા બળદને પૂરતું ઘાસપાણી મળશે નહિ. અને આપણા માણસોને શાકભાજી મળવામાં પણ અડચણ પડશે. તેથી આપણામાંથી એકે આગળ જવું ને બીજાએ આઠ દસ દિવસ પછી જવું એ સારૂં છે. "

તે વેપારી બોલ્યો: " મિત્ર, જો એમ છે તો હું જ આગળ

× આ કથા જરા જુદી રીતે દીઘનિકાયમાં પાયાસિસુત્તમાં મળી આવે છે.

* દક્ષિણ હૈદ્રાબાદના રાજકુટુંબમાં પુરુષોને નિઝામ કહેવાનો રિવાજ છે તે પ્રમાણે પ્રાચીન કાળમાં વારાણસીના ઘણાખરા રાજાઓને બ્રહ્મદત્ત કહેતા હતા એવું ટીકાકારોનું કહેવું છે.

જાઉં છું. કારણ કે મારી સર્વે તૈયારી થઈ ગઈ છે એટલે નકામા ખોટી થવું તે મને ઠીક લાગતું નથી. ”

બોધિસત્ત્વને આ વાત પસંદ પડી. એટલે પેલા વેપારીએ આગળ જવું અને બોધિસત્ત્વે પંદર દિવસ પછી જવું એમ ઠરાવ થયો.

પછી તે વેપારી પોતાનાં માણસોને કહેવા લાગ્યો:

“ ભાઇઓ, આજને આજ આપણે મુસાફરીએ નીકળીએ. આગળ જવાથી આપણને પુષ્કળ ફાયદો થશે. આપણા બળદોને ઘાસપાણી પણ બરાબર મળશે, અને આપણો માલ બેવડી કિંમતે વેચાશે. ”

આ તરફ બોધિસત્ત્વના નોકરોને આ વાત પસંદ પડી નહિ. તેઓ પોતાના શેઠને કહેવા લાગ્યા: “ શેઠ, તમે આ શું કર્યું ! આપણી જવાની તૈયારી થયા છતાં તમે તે ગૃહસ્થને આગળ જવાની અનુમતિ કેમ આપી ? આપણે જો તેને ખબર ન પડવા દેતાં આગળ ગયા હોત તો આપણા માલની સારી કિંમત આવત અને પુષ્કળ ફાયદો થાત. ”

બોધિસત્ત્વે જવાબ આપ્યો: “ તમે કહો છો એમ થાત નહિ. હું જો તેને ન કહેતાં આગળ ગયો હોત તો તે મારા પર ગુસ્સે થાત અને અમારા બન્નેની વચ્ચે સ્પર્ધા થાત. આપણે આગળ ગયા હોત તો આપણને વિશેષ ફાયદો થાત એમ તમે માનો છો; પણ તમારી માન્યતા ખોટી છે. ચોમાસાને લીધે રસ્તા ખરાબ થયેલા હોય તે આગળ જનારને દુરસ્ત કરાવવા પડશે, નદી પાર જવા માટે ઊતાર શોધવા પડશે, અને જંગલમાં ઝરા ને કુવાની અંદર માટી પડી હશે તે કઢાવવી પડશે. જો તેમના માલની સારી કિંમત આવશે તો એક વખત ભાવ ઠર્યા પછી આપણો માલ પણ આપણે તે જ કિંમતે વેચી શકીશું. એકંદર રીતે તેના આગળ જવાથી આપણને કોઇ પણ પ્રકારનું નુકશાન નથી. ”

તે વખતે જંબુદ્વીપમાં પાંચ જાતનાં જંગલ હતાં. જે જંગલમાં ચોરોની વસ્તી હતી તે જંગલને ‘ ચોરકાંતાર ’ કહેતા; જ્યાં હિંસ્ર

પશુની વસ્તી હતી તેને 'વ્યાલકાંતાર' કહેતા; જ્યાં પાણી મુદ્દલ મળતું નહિ તેને 'નિરુદકકાંતાર' કહેતા; યક્ષરાક્ષસોનો જ્યાં ત્રાસ હતો તેને 'અમનુષ્યકાંતાર' કહેતા; અને જે જગ્યાએ અન્ન મેળવવાની અડચણ પડતી તેને 'અલ્પભક્ષ્યકાંતાર' કહેતા.

બોધિસત્ત્વના માર્ગમાં જે જંગલ આવતું હતું ત્યાં પાણીની અછત હોવાથી તેમ જ તેમાં યક્ષોનો વાસ હોવાથી તે 'નિરુદકકાંતાર' તેમ જ 'અમનુષ્યકાંતાર' કહેવાતું હતું.

વચ્ચે નિરુદકકાંતાર આવતું હોવાને લીધે અગાઉથી જ તે બનારસી વેપારીએ પોતાની સાથે પાણીનાં મોટાં મોટાં માટલાં ભરાવીને ગાડીઓ ઉપર મૂકાવેલાં. વારાણસીથી નીકળેલો વેપારી અનુક્રમે પ્રવાસ કરતો કરતો અને જંગલના રસ્તાને વટાવતો જંગલની લગભગ આવી લાગ્યો. પવન સામી બાજુનો હોવાને લીધે પોતાને ધૂળ ઊડે નહિ એટલા માટે તે વેપારીએ પોતાની ગાડી સૌથી આગળ લીધી હતી. એકબે દિવસ પ્રવાસ કર્યા પછી ગાડીની બાજુએની દિશાએથી સફેદ બળદની ગાડીમાં બેઠેલા એક વેપારીને નોકરો સાથે આવતો તે વેપારીએ દીઠો. તે વેપારીએ અને તેના નોકરોએ સ્નાન કરીને ગળામાં કમળનાં ફૂલની માળાઓ પહેરી હતી. વારાણસીથી નીકળેલો વેપારી પોતાની ગાડીઓ ઊભી રખાવી નીચે ઉતરી પેલા ગૃહસ્થની સામે ગયો. તે ગૃહસ્થે પણ પોતાની ગાડી ઊભી રાખી, અને નીચે ઉતરી વારાણસીના સાર્થવાહને પૂછ્યું: "આપ ક્યાંથી આવ્યા અને ક્યાં જાઓ છો ?"

સાર્થવાહે જવાબ આપ્યો: "હું વારાણસીથી નીકળી આ જંગલની બહારના પ્રદેશમાં વેપાર માટે જાઉં છું."

ગૃહસ્થે પૂછ્યું: "ઠીક. પણ આપની પાછળ આવતી ગાડીઓ ઉપર માટલાં દેખાય છે તેમાં શું છે ?"

સાર્થવાહે જવાબ આપ્યો: "આ નિરુદકકાંતાર છે એમ અમારા સાંભળવામાં આવ્યાથી અમે આ માટલાં પાણીથી ભરીને

સાથે લીધાં છે. ” તે ગૃહસ્થ ખડખડાટ હસીને બોલ્યો: “ વાહ ! તમે દંતકથા પર વિશ્વાસ રાખો એવા છો ? જુઓ ! પેલી બાજુ લીલીછમ ઝાડી દેખાય છે ત્યાં આગળ છલોછલ ભરેલું એક મોટું તળાવ છે. તે બાજુ બારે માસ વરસાદ પડે છે તેથી પાણીની તાણ કદી પણ પડતી નથી. હમણાં જ ત્યાં વરસાદ પડયો હોવાથી અમારી ગાડીઓનાં પૈડાં કાદવથી ખરડાઇ ગયાં છે, અમારા બળદ પલળી ગયા છે અને ભીનાં થયેલાં અમારાં કપડાં પણ હજુ સૂકાયાં નથી. આપ પાણીનાં વાસણ ભરીને ગાડી ઉપર મૂકી બળદોને વિના કારણ ત્રાસ શું કામ આપો છો ! ઠીક, બહુ વખત ગયો. સહેજ મળ્યાથી આપનો પરિચય થયો. આગળ કોઈ દિવસ મળીએ તો ઓળખાણ રાખજો.”

સાર્થવાહે કહ્યું: “ એ શું બોલ્યા ? આપ આવ્યા તેથી અમને ઘણો ફાયદો થયો. લોકવાયકા ઉપર વિશ્વાસ રાખીને અમે વિના કારણ બળદને ત્રાસ આપતા હતા. હવે તેની જરૂર નથી. નમસ્કાર, મહેરબાની છે તેવી રાખજો. ”

તે ગૃહસ્થે ત્યાંથી પ્રયાણ કર્યું એટલે સાર્થવાહે માટલાંમાં ભરેલું પાણી ઢોળાવી નાખ્યું. અને માટલાં પણ ત્યાં જ ફેંકી દીધાં. હવે ભાર ઓછો થયો એટલે બળદો ઝપાટાબંધ ચાલવા લાગ્યા. પરંતુ આખો દિવસ રસ્તો ખેડયા છતાં પાણીનું નામનિશાન પણ દીઠું નહિ ! તે વખતે યક્ષે આપણને ફસાવવા માટે માયા તો ન રચી હોય એવો વિચાર સાર્થવાહને આવ્યો. પણ

चौरे गते वा किमु सावधानं ।
निर्वाणदीपे किमु तैलदानम्* ॥

એ કહેવત પ્રમાણે સંગ્રહ કરેલું પાણી કયારનું ય જમીનમાં મળી ગયું હતું !

---

* ચોર નાસી ગયા પછી ‘ સાવધ, સાવધ ’ કહી બૂમો પાડવામાં શું ફાયદો! દીવો બુઝાઈ ગયા પછી તેલ રેડવાનો શું ઉપયોગ ! !

સાર્થવાહના સાથમાંના બધા માણસો હતાશ થઈ ગયા. બળદોને છોડી મૂકી ગાડીઓ ગોળાકાર રચી સૌ પોતપોતાની ગાડી નીચે શોકમગ્ન થઈ બેઠા. જ્યારે તે લોકોના શરીરમાં જરાય તાકાત રહી નથી એની તે ધૂર્ત યક્ષને પાકી ખાત્રી થઈ ત્યારે તે સાર્થના ઉપર તૂટી પડયો અને પોતાના અનુયાયીઓને કહેવા લાગ્યો: " અરે ભાઈઓ ! તમે કહેતા હતા કે મારી યુક્તિ સફળ થશે નહિ. પણ આ સાર્થવાહ હાથનું છોડી દોડતાની પાછળ લાગે એવો હોવાથી મારા પાસમાં સપડાયો છે. આજે તમે યથેચ્છ ભોજન કરો. આવો લાગ ફરી મળશે કે નહિ એ વિષે મને શંકા છે. "

ગાડીઓ અને સામાન ફેંકી દઈ યક્ષોએ બધા બળદોને અને માણસોને મારી ખાધા, અને હર્ષ સહિત નાચતા કૂદતા પોતપોતાના સ્થાનકે ગયા.

તે મૂર્ખ સાર્થવાહને નીકળ્યે પંદર દિવસ થયા પછી બોધિસત્ત્વ અનુક્રમે પ્રવાસ કરતો કરતો તે જંગલ પાસે આવ્યો. ત્યાં આવ્યા પછી તેણે પોતાનાં માણસોને ભેગા કરી કહ્યું: " ભાઈઓ ! આ નિરુદકકાંતાર હોઈને અમનુષ્યકાંતાર છે. તેથી આ કાંતારમાં સાવધાન રહેજો. જો તમને કોઈ વિચિત્ર ફળ મૂળ શાક વગેરે બતલાવે તો તમારે ખાવું નહિ. મતલબ કે કંઈ વિશેષ પડતી ચીજ તમે દેખો તો તમારે તરત મને ખબર આપવી. "

બોધિસત્ત્વના કહેવા પ્રમાણે વર્તવાનું સૌએ કબુલ કર્યું. આપણા શેઠ વ્યવહારનિપુણ છે અને તેમને હિતાહિતનું જ્ઞાન વધારે છે એમ સમજીને સૌએ પોતાની જવાબદારી તેમના ઉપર નાખી.

તે મૂર્ખ સાર્થવાહ અને તેના અનુયાયીઓને મારી ખાધા પછી યક્ષોને મનુષ્યમાંસનો સ્વાદ વિશેષ લાગ્યો.

તેઓ પહેલાંની પેઠે પોતાનાં સ્વરૂપ બદલી બોધિસત્ત્વના નોકરો પાસે આવ્યા, અને અહીં પાસે જ પાણીનું તલાવ છે ઇત્યાદિ હકીકત

તેમને કહી. તે સાંભળીને તેઓ દોડતા આવીને પોતાના શેઠને કહેવા લાગ્યા: " શેઠ સાહેબ, હમણાં જ એક વેપારી નોકરો સહિત સામી બાજુએથી આવ્યો છે. તેઓ સર્વેના ગળામાં કમળનાં ફૂલની માળાઓ છે. અને તે કહે છે કે સામી બાજુએ જે લીલુંછમ જંગલ દેખાય છે, ત્યાં બારે માસ વરસાદ પડે છે અને ત્યાં એક મોટું તળાવ પણ છે. માટે આપણે પાણી સાથે ન લઈ જતાં અહીં વાસણ સુદ્ધાં ફેંકી દઇને આગળ ચાલીએ કે જેથી આપણા બળદોનો ભાર ઓછો થશે અને તેથી આપણે તે તળાવ પાસે જલદી પહોંચીશું. "

બોધિસત્ત્વે કહ્યું: " ભાઈઓ ! તમે મારા હુકમની બહાર જશો નહિ. પાણીનું ટીપા જેટલું પણ નકામું ખર્ચ થવા દેશો નહિ. હવે પાસે વરસાદ પડે છે એમ તમે કહો છો, પણ તમને કોઇને વરસાદની હવા લાગે છે ? અને તમને આકાશમાં એક વાદળું સરખું પણ દેખાય છે ?"

તેઓએ જવાબ આપ્યો: " અમને વાદળાં દેખાતાં નથી તેમ જ વિજળીના કડાકા પણ સંભળાતાં નથી, અને ઠંડી પણ લાગતી નથી. પરંતુ તે સભ્ય ગૃહસ્થ અને તેના નોકરચાકરો મોટું તળાવ હોવાનું કહે છે, એટલું જ નહિ પણ તેઓના ગળામાં કમળનાં ફૂલોની માળાઓ છે, તેથી તેમના ઉપર વિશ્વાસ મૂકવામાં હરકત નથી. "

બોધિસત્ત્વે કહ્યું: " પણ વિશ્વાસ મૂકવાની આટલી ઉતાવળ કેમ કરો છો ! હવે તો એક યોજનના અંતરે જ તળાવ છે એમ તે ગૃહસ્થ કહે છે, તો આપણે ત્યાં જઈને પાણી નાખી દઈશું અને જરૂર હશે તો બીજું પાણી ભરી લઈશું. આજનો દિવસ બળદોને જરા ત્રાસ પડશે તો હરકત નથી. "

બોધિસત્ત્વના હુકમ પ્રમાણે તેના નોકરોએ પાણી નાખી દીધું નહિ. તે ગૃહસ્થવેષધારી યક્ષોએ બહુ બહુ આગ્રહ કર્યો પણ બોધિ-સત્ત્વ ઉપરની તેમની શ્રદ્ધા ઓછી થઈ નહિ. ત્યાંથી બીજા મુકામ ઉપર

ગયા. સામાનથી લાદેલાં પાંચસો ગાડાં તથા આમતેમ વિખરાયેલાં પડેલાં મનુષ્ય અને બળદોનાં હાડકાં તે લોકોનાં દીઠામાં આવ્યાં. તે જોઇ બોધિસત્ત્વે કહ્યું:

"હે ભાઈઓ, જુઓ ! આ આપણો મૂર્ખ સાર્થવાહ પોતાના નોકરો સહિત નાશ પામ્યો. પોતાની પાસેનું પાણી નવું પાણી મળ્યા સિવાય નાખી દીધું નહોત તો તેઓ યક્ષના ભક્ષ્ય બનત નહિ. હાથનું છોડીને દોડતાની પાછળ લાગનારની આવી જ સ્થિતિ થાય છે."

ત્યાં પડેલો મૂલ્યવાન સામાન પોતાનાં ગાડાંમાં ભરી, પોતાનાં ગાડાંમાંનો સાધારણ કિંમતનો સામાન ત્યાં જ નાખી દઈ, તેઓ કુશળ-ક્ષેમ જંગલની પાર ગયા, અને ત્યાં મોટો નફો મેળવી સુરક્ષિત રીતે વારાણસીમાં પાછા આવ્યા.

૨ પ્રયત્નનું ફળ

[વણ્ણુપથ જાતક નં. ૨]

બોધિસત્ત્વ કાશી દેશમાં વણિક કુળમાં જન્મ પામીને યોગ્ય ઉમરનો થયે બાપનો ધંધો કરતો હતો. એક વખત વેપાર માટે મરુભૂમિમાંથી જતાં રસ્તામાં એક સાઠ યોજન લાંબા રેતીના રણ પાસે આવી પહોંચ્યો. આ રણમાંની રેતી એટલી તો ઝીણી હતી કે મૂઠીમાં પણ રહે નહિ. સવારના પહેલા પહોર પછી આ રણમાં પ્રવાસ કરવાની સોઈ નહતી; સૂર્યનાં કિરણથી રેતી તપી ગયા પછી તેના ઉપર થઇને માણસને કિંવા જનાવરને જવું અશક્ય હતું.

બોધિસત્ત્વે આ રણ પાસે આવ્યા પછી એક ભોમિયો લીધો. આ મોટો રેતીનો સમુદ્ર ભોમિયા સિવાય તરી જવાય એમ નહતું. તે ભોમિયો આગળની ગાડીમાં ઊંચા એવા એક ચોખંડી પાટલા ઉપર બેસીને આકાશના તારાને આધારે તે લોકોને રસ્તો બતાવતો હતો. તેઓ આખી રાત પ્રવાસ કરીને સૂર્યોદય થયે બધી ગાડીઓ એક ઠેકાણે

ગોળાકાર ગોઠવતા, અને તેના ઉપર મંડપ રચી નીચે બધા માણસો અને જનાવરો આખો દિવસ વિશ્રાંતિ લેતા.

આ પ્રમાણે બોધિસત્ત્વ અને તેની સાથેના લોકો રેતીના રણમાંથી જતાં બીજા છેડા ઉપર આવ્યા. પાસેનાં ગામો હવે એક જ મજલના અંતરે હતાં. તે વખતે ભોમિયાએ કહ્યું: " આપણે રેતીના મેદાનમાંથી ગામની પાસે આવી પહોંચ્યા છીએ. આજ રાતે આ મુકામમાંથી નીકળ્યા એટલે કાલ સવારે વહેલા એક ગામમાં જઈ પહોંચીશું. હવે પાણી તથા લાકડાં સાથે લેવાની જરૂર નથી. "

ભોમિયાના કહેવા પ્રમાણે બોધિસત્ત્વના માણસો લાકડાં અને પાણી ત્યાં જ નાખી દઈ આગળ પ્રવાસ માટે નીકળ્યા.

એક બે અઠવાડિયાંથી ભોમિયાએ રાતે ઊંઘ લીધેલી ન હોવાને લીધે તે તદ્દન થાકી ગયો હતો. મધ્ય રાત્રિના સુમારે તે બેઠો હતો તે જ જગ્યાએ તેને ઊંઘ આવી ગઈ. તેને લીધે ગાડી કોઈ ભળતે જ રસ્તે વળી તેની ખબર પણ પડી નહિ. થોડી રાત બળદો ચાલ્યા પછી પાછલા જ મુકામે પાછા આવ્યા. ભોમિયાની ગાડીની પાછળ પાછળ બધી ગાડીઓ ચાલતી હોવાથી તેઓ પણ ત્યાં જ આવી. અરુણોદય વખતે ભોમિયો જાગીને જુએ છે તો પહેલાના જ ઠેકાણે તેઓ આવ્યા હતા એમ તે તરત સમજી ગયો, અને બૂમો મારવા માંડયો: " ગાડીઓ પાછી ફેરવો, પાછી ફેરવો."

આખી ટોળીમાં બહુ જ ગરબડ થઈ રહી. આપણે કયાં આવ્યા છીએ એની કોઇને ગમ પડી નહિ. ભોમિયાના કહેવા પ્રમાણે ગાડીઓ પાછી ફેરવી. પરંતુ એટલામાં સૂર્યોદય થયો એટલે ગાડીઓ ગોળાકાર ગોઠવી તેના ઉપર મંડપ રચી પોતપોતાની ગાડી નીચે શોકાતુર વદને તેઓ બેઠા.

જે તે કહેવા લાગ્યા: " અરેરે, અમે પાણી નાખી દીધું અને હવે પાણી વગર તરફડીને મરવા વખત આવ્યો. "

પણ બોધિસત્ત્વની ધીરજ ખૂટી નહિ. સવારના પહોરમાં આસપાસની જમીન તેણે તપાસી જોઈ. પાસેના એક નાના ઝાડવા નીચે

ભેજ જોવામાં આવ્યો. તેથી તેણે અનુમાન કર્યું કે નીચે પાણીના ઝરાની ભીનાશને લીધે તે ઝાડવું લીલું હોવું જોઇએ.

તે પોતાના માણસો પાસે આવીને તેમને કહેવા લાગ્યો: " અરે ભાઇઓ, હવે સૂઈ રહેવાથી કાંઈ વળવાનું નથી. આપણે જો હતાશ થઇને પડીશું તો મરણથી પણ આપણી સદ્દગતિ થશે નહિ. જો મૃત્યુ આવવાનું જ હશે તો યે પુરુષાર્થ તો કરવા દો. હતાશ થઇને મરવું એ શૂરાને શોભે એવું મોત નથી. ચાલો! આપણી પાસે કોદાળી પાવડા કોશ વગેરે જે સાધનો હોય તે લઇને પેલા ઝાડવા પાસે ખોદી જોઇએ. ત્યાં ઘણું કરીને પાણી નીકળવાનો સંભવ છે."

તે લોકોએ તે ઝાડવા પાસે એક મંડપ ઊભો કર્યો, અને તેની નીચે ખોદવાનો પ્રારંભ કર્યો. ખૂબ ઊંડો ખાડો ખોદવામાં આવ્યો પણ પાણી નીકળ્યું નહિ; એટલામાં એક કોદાળી પથરા સાથે અથડાઈ તેથી બધા તદ્દન નિરાશ થઈ ગયા! પણ માત્ર બોધિસત્ત્વ ડગ્યો નહિ. તે તે ખાડામાં ઉતર્યો અને તે ખડક આગળ કાન માંડી જોયો. તે ખડક એટલો તો પાતળો હતો કે તેની નીચે વહેતા ઝરાનો અવાજ સ્પષ્ટ સંભળાતો હતો. બોધિસત્ત્વે પોતાના નોકરને હાંક મારીને કહ્યું: " ભાઇ, કોશ લઈ અહીં આવ, અને આ પત્થર ઉપર ચાર પાંચ ઘા કર જોઉં. આ હાથપગ જોડીને બેસવાનો વખત નથી. ઊઠ, જલદી કર. "

નોકરે મોટી કોશ લઇને પત્થર પર જોરથી ચાર પાંચ ઘા કર્યા. તેટલામાં તો પત્થર ભાંગીને નીચેના ઝરામાં પડયો. ઝરાનો પ્રવાહ આમ રોકાયો એટલે પાણીની ધાર એકદમ ઊંચી ઊડી. બધા લોકોએ સ્નાન કર્યું અને ખાઇ પી તૃપ્ત થયા. જે તે બોધિસત્ત્વની ધીરતાની પ્રશંસા કરવા લાગ્યા. પછી તે જગ્યાએ ' અહીં પાણી છે ' એમ દર્શાવતો એક ધ્વજ ઊભો કરીને તે લોકો બોધિસત્ત્વ સાથે તે રણમાંથી સુરક્ષિતપણે બહાર નીકળ્યા.

૩ લોભનું પરિણામ

[સેરિવવાણિજ જાતક નં. ૩]

તેલવાહ નદીના કાંઠા ઉપર આંધ્રપુર કરીને એક નગર હતું. ત્યાં એક પ્રખ્યાત શેઠ રહેતો હતો. કાલાંતરે તે શેઠનાં ઘર પર લક્ષ્મીની અવકૃપા થઈ. ધનદોલત નાશ પામી અને ઘરમાંથી બધા પુરુષ મરી ગયા. માત્ર એક ભોળી બાઈ અને તેની પૌત્રી એટલાં જ માણસ તે શેઠના કુળમાં જીવતાં રહ્યાં. પોતાના ભાંગ્યાતૂટયા ડહેલામાં રહી તે બન્ને બાઇઓ મહેનત મજુરી કરી પોતાનો નિર્વાહ કરતી હતી.

તે વખતે બોધિસત્ત્વ એક વાણિયાના કુળમાં જન્મ્યો હતો. ઉંમર લાયક થયા પછી તે એક બીજા સેરિવા નામના વાણિયા જોડે ફેરિયાનો ધંધો કરી પોતાનું ગુજરાન ચલાવતો હતો.

એક દિવસ ફરતા ફરતા તેઓ બન્ને આંધ્રપુરમાં આવી ચઢયા. એટલે આપસઆપસમાં સ્પર્ધા ન થાય તે માટે તેમણે તે શહેરની ગલીઓ વહેંચી લીધી. જે ગલી જેને ભાગ આવે તે ત્યાં ફરીને પોતાનો માલ વેચે. બીજો પોતાનો માલ વેચવા ત્યાં ન જાય એવો તેમણે પરસ્પર ઠરાવ કર્યો.

બોધિસત્ત્વે પોતાના ભાગમાં આવેલા રસ્તા પર ફેરી કરી પાંચસે કાર્ષાપણનું* વેચાણ કર્યું.

---

* કાર્ષાપણ એ એક જાતનું નાણું હતું. સુવર્ણ કાર્ષાપણ, રૌપ્ય કાર્ષાપણ અને તામ્ર કાર્ષાપણ એવા તેના ભેદ હતા.

તથાપિ અનુક્રમે ૫ રૂપિયા, ૧ રૂપિયો અને અર્ધો આનો એમ એનો અંદાજ કહી શકાય. તે પ્રમાણે બોધિસત્ત્વે ૫૦૦ તામ્ર કાર્ષાપણનું વેચાણ કર્યું હતું. આ વાર્તામાં પાછળથી તામ્ર કાર્ષાપણ હતા એવો ઉલ્લેખ છે.

સેરિવા પોતાના ભાગમાં આવેલા રસ્તા પર ફેરી કરતાં ઉપર કહેલા શેઠના ભાંગ્યાતૂટયા મકાન આગળ આવ્યો અને " લ્યો મણુકા, મણુકા લ્યો, જાતજાતની ચીજો લ્યો, " એમ મોટેથી બૂમો પાડતો જતો હતો. તે સાંભળીને તે ઘરમાં રહેતી છોકરી દોડતી જઇને પોતાની દાદીને કહેવા લાગી: " દાદીમા, દાદીમા, આ ફેરિયો આપણા ઘર પાસેથી જાય છે. તેની પાસેથી મારા માટે કાચના મણુકા અથવા બીજી કાંઇ ચીજ લ્યો. "

દાદીમાએ કહ્યું: " આપણને મળતી મહેનત મજુરીથી આપણો નિર્વાહ પણ બરાબર થતો નથી ત્યાં વળી મણુકા વગેરે ક્યાંથી લઇએ ?"

ભાંગ્યાતૂટયા સામાનમાં એક મોટી થાળી પડી હતી. છોકરી તે લઈને પોતાની મા પાસે આવી ને બોલી: " દાદીમા, આ થાળી આપણને જરા યે ઉપયોગી નથી. હું આજે કેટલા યે દિવસથી જોઉં છું કે એ ભાંગેલા સામાનમાં પડી રહી છે. આ લઇને જો તે વેપારી કંઈ ચીજ આપતો હોય તો આપણે લઈશું. "

તે છોકરીની માએ સેરિવાને બોલાવી લાવી એક આસન ઉપર બેસાડી કહ્યું: " આર્ય, અમારા ઘરમાં આ થાળી પડી રહેલી છે. હાલ અમારે કાંઈ ઉપયોગની નથી. જો તેના બદલામાં મારી છોકરીના ગળામાં એક મણુકાની માળા નાખી આપશો તો આ થાળી તમને આપીશ. "

સેરિવા વાણિયાએ થાળી હાથમાં લીધી. તેના વજન ઉપરથી તે સોનાની હોવી જોઇએ એવી તેને શંકા થઈ. એટલે કસોટી કરી જોઈ તેની ખાત્રી કરી. તે બાઇને આની સમજણ પડવા ન દેતાં તેણે કહ્યું: " આવી ઠોચરા જેવી થાળી અહીં કેમ લાવ્યાં ! આની એક પાઈ પણ ઉપજે નહિ ! આના બદલામાં મણુકાની માળા શી રીતે આપું ? તમને બૈરાંને તો અક્કલ જ નહિ. નાહકનો મને ત્રાસ આપ્યો ! "

આવાં વચન કહીને તે થાળી જમીન પર ફેંકી દઈ ચાલતો થયો. રસ્તામાં જતાં તે મનમાં કહેવા લાગ્યોઃ " આ થાળીની ખરી કિંમત કહીએ તો એક લાખ કાર્ષાપણ થાય. અને મારા સઘળા માલની કિંમત બહુ બહુ તો ત્રણ ચાર હજાર કાર્ષાપણ છે. તેથી મારો બધો માલ આપીને પણ તે થાળી મળી હોત તો મને પુષ્કળ ફાયદો થાત. પણ તે થાળીની કિંમત તે બાઈ જાણતી નથી એટલે મણકાની માળા પણ શા માટે આપું? સાંજના વખતે ફરી જઇને અર્ધા કાર્ષાપણની કિંમતના ભાંગ્યાતૂટયા મણકા આપી તે થાળી છીનવી લઇશ. અમો વેપારીઓની એ રીત છે કે જ્યાં અર્ધા કાર્ષાપણથી કામ થતું હોય ત્યાં પોણો કાર્ષાપણ ખર્ચ કરવો નહિ "

આવા વિચારમાં ગરક થઈને સેરિવા તે ગલીમાંથી બહાર નીકળ્યો. બોધિસત્ત્વ પોતાના ભાગમાં આવેલી ગલીઓમાં ફેરી કરી સેરિવા જે ગલીમાંથી નીકળ્યો તે ગલીમાં પેઠો. ક્રમે ક્રમે ફરતો ફરતો તે પેલી બાઈના ડહેલા આગળ આવ્યો. તે વખતે પેલી છોકરી તેની માને કહેવા લાગીઃ ' દાદીમા, આ બીજો ફેરિયો આ રસ્તેથી જાય છે. તે આ થાળી લઈને કંઈ આપતો હોય તો જોઈએ."

દાદીમાએ કહ્યું: " દીકરી, પેલા ફેરિયાએ આપણો એટલો તિરસ્કાર કર્યો તો યે સૂઝ પડતી નથી! કે ફરી આની પાસે પણ ફજેતી કરાવવાની તારી ઇચ્છા છે?"

છોકરીએ કહ્યું: "દાદીમા, મોંના ચહેરા પરથી આ ફેરિયો પેલા ફેરિયા જેવો કર્કશ લાગતો નથી. આપણી થાળીની કંઈ કિંમત નહિ હોય તો પણ એ આપણી સાથે સારી રીતે વર્તશે એમ મને લાગે છે."

માએ દીકરીના આગ્રહથી બોધિસત્ત્વને હાંક મારી, અને ઓસરી પર મૂકેલા આસન ઉપર બેસવા કહ્યું. તેના બેઠા પછી પેલી બાઇએ કહ્યું: " આ જૂની થાળી કિંમતી હોવી જોઈએ એમ મને લાગે છે, કારણ કે અમારે ઘેર પહેલાં જ્યારે બહુ લક્ષ્મી હતી તે વખતની એ છે. પણ તમારા પહેલાં આવી ગયેલા ફેરિયાએ કહ્યું કે આની ફૂટી

બદામ ઉપજે એમ નથી. તમે એક વખત આને બરાબર તપાસી જુઓ અને આની જો કાંઈ કિંમત થતી હોય તો તેના બદલામાં મારી છોકરીના ગળામાં એક મણકાની માળા નાખો."

બોધિસત્ત્વે થાળીની કસોટી કરી કહ્યું: "બાઈ, આ થાળીની કિંમત તો લાખ કાર્ષાપણ છે. મારી પાસે પાંચસો કાર્ષાપણ છે. અને બાકી વધેલા મારા માલની કિંમત બહુ તો સાડાત્રણ હજાર કાર્ષાપણની છે, માટે એના બદલામાં આપી શકું એટલું મારી પાસે નથી."

બોધિસત્ત્વનું પ્રામાણિકપણું જોઇને તે કુલીન સ્ત્રીને બહુ સંતોષ થયો અને તે બોલી: "વેપારીઓમાં તારા જેવા પ્રામાણિક વિરલા જ હશે. અમે જો આ થાળી બજારમાં વેચવા જઇએ તો અમારી ગરીબ સ્થિતિને લીધે અમારા ઉપર ચોરીનો આરોપ આવવાનો સંભવ છે. તેથી જેટલું આપવાની તારી ઈચ્છા હોય તેટલું આપીને લઈ જા. તારા પ્રામાણિકપણાના બદલામાં અમે તને બક્ષીસ આપી છે એમ સમજીશું."

બોધિસત્ત્વે કહ્યું: "મારી પાસેનો સામાન અને રોકડ તેના બદલામાં તમને આપું છું, માત્ર મને આ રકમમાંથી આઠ કાર્ષાપણ અને મારૂં ત્રાજવું પાછું આપો."

તે બાઇને આ સોદો પસંદ પડયો. બોધિસત્ત્વ તે થાળી, આઠ કાર્ષાપણ અને પોતાનું ત્રાજવું લઇને નદી કાંઠે આવ્યો; અને કાર્ષાપણ આપી વિલંબ ન કરતાં સામે પાર લઈ જવા નાવિકને કહ્યું.

આ તરફ સેરિવા બધું શહેર ફરી તે કુલીન સ્ત્રીના ઘર આગળ ફરીથી આવ્યો અને તેને કહ્યું: "બાઇ, પેલી થાળી લાવ જોઇએ. એની કિંમત તો કાંઈ જ નથી પણ તારા જેવી કુલીન સ્ત્રીને ખરાબ લાગવા દેવું મને ઠીક લાગતું નથી, એટલા ખાતર મેં ફરી અહીં આવવાની મહેનત લીધી."

બાઇ બોલી ઊઠી: "વાહ! વાહ! તું તો જબરો ધૂતારો દેખાય છે! જાણે અમારા ઉપર ઉપકાર કરવા આવ્યો છે! પણ આ જો! અમારી

થાળીની કિંમત એક લાખ કાર્ષાપણ હતી છતાં તને પાંચ–સાત કાર્ષાપણની એકાદ માળા આપતાં યે ભારે પડી! પરંતુ પ્રભુકૃપાથી બીજો એક સજ્જન વાણિયો અહીં આવ્યો અને એની ખરી કિંમત કહી; તેની પાસે જેટલો માલ હતો તે અને રોકડ આપી થાળી લઈ ગયો. તે વખતે તેં મણકાની માળા આપી હોત તો તે તને મળી જાત! પણ હવે રાંડયા પછીનું ડહાપણ શા કામનું!"

બાઈનાં વચન સાંભળતાં જ સેરિવા હડકાયા કુતરાની પેઠે ઉન્મત્ત થયો. તેણે પોતાનો માલ અને પૈસા તે બાઈના આંગણામાં આમ તેમ ફેંકી દીધા અને એક મોટી લાકડી લઈ નદી ઉપર દોડયો.

બોધિસત્ત્વ નદીની મધ્યમાં પહોંચ્યો હતો. તેને જોઈને સેરિવાને બહુ ગુસ્સો ચઢયો અને "હોડી પાછી લાવો, પાછી લાવો," એમ જોરથી ઘાંટા પાડવા લાગ્યો. કોઈ કાંઈ કહે તે ન સાંભળતાં હોડી સામે કાંઠે લઈ જવાનું બોધિસત્ત્વે નાવિકને પહેલાં જ કહ્યું હતું, તેથી નાવિકે સેરિવાના ઘાંટા ઉપર લક્ષ ન આપતાં હોડી વેગથી આગળ ચલાવ્યે રાખી. સેરિવા બુમો પાડી પાડીને થાકયો અને ઘેર જઈને આંગણામાં પડયો!

૪ અન્યાયી અધિકારી

[તંડુલનાલિ જાતક નં. ૫]

વારાણસીમાં બીજો બ્રહ્મદત્ત રાજા રાજ્ય કરતો હતો. તે વખતે બોધિસત્ત્વ નાના અધિકાર ઉપરથી ચઢતાં ચઢતાં પરદેશથી આવતા માલની કિંમત ઠરાવનારો મુખ્ય અધિકારી થયો. બોધિસત્ત્વ માલની યોગ્ય કિંમત ઠરાવતો. રાજાને આ ન ગમ્યાથી તેને એકાંતમાં બોલાવી કહ્યું: "મિત્ર, તને નાના અધિકાર ઉપરથી મોટા હોદ્દા ઉપર ચઢાવ્યો છે એ તને ખબર છે?"

બોધિસત્ત્વે કહ્યું: "મહારાજ, મારી પ્રામાણિકતાનું એ ફળ છે એમ હું સમજું છું. આજ સુધીમાં જે જે લોકો સાથે મારો સંબંધ

થયો છે, તેઓને મારા તરફથી કોઇ પણ જાતની હાનિ થઇ નથી. એટલું જ નહિ પણ મેં પ્રજાની યથાશક્તિ સેવા કરી છે. મારા મોટા અધિકારની વિરુદ્ધ દુર્બળોની સંભાળ મેં રાખી છે. અને મારી આવી કામગિરીથી આપ શ્રીમાને પ્રસન્ન થઇને મને આ હોદ્દા ઉપર ચઢાવ્યો છે એવી મારી સમજણ છે."

રાજાએ કહ્યું: "તેં મારી પ્રજાની સેવા કરી છે તે ઠીક છે. પણ તારો પગાર મારી તિજોરીમાંથી મળતો હોવાથી તું મારી સેવા બરાબર કરતો નથી એ કામમાં નહિ આવે. કોઈ કોઈ વખત પ્રજાનો અને રાજાનો એક જ અર્થ હોતો નથી; પણ રાજસેવકોએ પહેલો પોતાના સ્વામીનો અર્થ સાધી સવડ હોય તો બીજાનો અર્થ સાધવો એ યોગ્ય છે. આજ મેં તને અહીં બોલાવ્યો તેનું કારણ એ છે કે પરદેશથી આવતા માલની જો તું બરાબર કિંમત ઠરાવીશ તો તિજોરી થોડા વખતમાં ખાલી પડશે."

બોધિસત્ત્વે કહ્યું: "પણ મહારાજ, આ બાબતમાં હું બીજું કાંઈ કરી શકીશ નહિ. સત્ય સર્વથી શ્રેષ્ઠ છે એ સુવાક્ય આપને ખબર છે; તેથી સત્યનો ભંગ ન કરવો એ મનુષ્યનું પહેલું કર્તવ્ય છે. પણ સમજો કે પરદેશથી આવેલા માલની ભળતી જ કિંમત ઠરાવી, તો દેશદેશાંતરમાં આપણી રાજ્યપદ્ધતિની અપકીર્તિ થશે, અને કોઈ પણ સારો વેપારી પોતાનો માલ લઇને આ શહેરમાં આવશે નહિ. પ્રામાણિક-પણાથી એકલો પરમાર્થ સધાય છે એટલું જ નહિ, પરંતુ વ્યવહારમાં પણ પ્રામાણિકપણા જેવો બીજો સાચો માર્ગ નથી."

પરંતુ તે લોભી રાજાને બોધિસત્ત્વનો પ્રામાણિકપણાનો માર્ગ રુચ્યો નહિ. તેણે બોધિસત્ત્વને તે હોદ્દા ઉપરથી દૂર કર્યો, અને હાજી હાજી કરનારામાંના એક માણસને તે અધિકાર સોંપ્યો. તે માણસ રાજાને ગમે એવી રીતે પરદેશથી આવતા માલની કિંમત ઠરાવતો હતો. તે રાજાની મરજીથી આવી રીતે કરતો હોવાને લીધે કોઈ તેની સામું થયું નહિ.

થોડો વખત ગયા બાદ ઉત્તર પ્રદેશમાંથી એક ઘોડાનો વેપારી પાંચસે પાણીદાર ઘોડા લઇને વારાણસીમાં વેચવા આવ્યો. રાજાના નવા અધિકારીએ તે ઘોડાની કિંમત પાશેર* ચોખા ઠરાવી. તે પ્રમાણે રાજાએ તે વેપારીને પાશેર ચોખા આપવા કહી ઘોડા પોતાની અશ્વશાળામાં બાંધવા હુકમ કર્યો. ગરીબ બિચારો વેપારી ચોખા લુગડામાં બાંધીને આંસુ ઢાળતો ત્યાંથી ચાલતો થયો !

રસ્તામાં તેને બોધિસત્ત્વ મળ્યો એટલે એણે કહ્યું: “ આજ સુધીમાં મને કોઇએ આવી રીતે છેતર્યો નથી. તમે તે હોદ્દા ઉપર હશો એમ સમજીને હું સારા પાણીદાર ઘોડા લઇને વેચવા આવ્યો પરંતુ તે રાજાના પ્રિય પણ મૂર્ખ અધિકારીએ તે ઘોડાની કિંમત પાશેર ચોખા ઠરાવી ! ”

બોધિસત્ત્વે કહ્યું: “ હવે તું છેતરાયેલો જ જણાય છે તો હું કહું તે એક યુક્તિ કરી જો. સુભાગ્યે જો યશ મળશે તો તારે પાશેર ચોખા લઇને જવું નહિ પડે. આ નવો અધિકારી બહુ લોભી છે એમ મેં સાંભળ્યું છે. રાજાનો માનીતો છે પણ લોકો પાસેથી લાંચ લઇને તેમના માલની બમણી કિંમત ઠરાવતાં આગળ પાછળ જોતો નથી. તેની આવી રીત રાજાને કાને પડી નથી એટલે અને મીઠાબોલો હોવાને લીધે તે અધિકાર ઉપર ટકી શકયો છે. તુ તેની પાસે જા અને બક્ષીસ આપવાની લાલચ બતાવ. એટલે તે કહેશે કે એક વખત કિંમત ઠરાવ્યા પછી ફરી શી રીતે ઠરાવાય ? ત્યારે તું કહેજે કે આ પાશેર ચોખાની કિંમત ઠરાવો. પછી તે શું કરે છે તે જોઇએ. ”

બોધિસત્ત્વની સલાહ પ્રમાણે તે વેપારી પેલા અધિકારી પાસે ગયો, અને તેને મોટી બક્ષીસ આપવાની લાલચ બતાવી પાશેર ચોખાની કિંમત ઠરાવવા કહ્યું. એટલે તે બોલ્યો: “તું રાજા પાસે જા

---

* મૂળ શબ્દ ‘ તંડુલનાળી ’ એવો છે. નાળી એટલે લગભગ પાશેર જેટલું માપ હશે.

અને આ ચોખાની કિંમત ઠરાવવાની પરવાનગી લઈ આવ; કારણ કે તેમની રજા વગર મારાથી કિંમત ઠરાવાશે નહિ. પછી હું તને ખુશ કરીશ."

પછી તે વેપારી રાજા પાસે ગયો અને કહ્યું: "મહારાજ, આવા મૂલ્યવાન ચોખા અમારા દેશમાં મુદ્દલ ખપશે નહિ. આ ચોખાના પાંચસે ઘોડા તો બાજુએ રહ્યા પણ એક બકરૂં ઘેટું યે કોઇ આપશે નહિ. માટે આ ચોખા મારે અહીં જ વેચવા પડશે. આપ આ ચોખાની કિંમત ઠરાવો અને મને ઉપયોગી હોય એવી કંઈ ચીજ આપવા કૃપા કરો."

રાજાએ તેની વિનંતી માન્ય કરી અને બીજા દિવસે તે ચોખાની કિંમત નવા અધિકારીએ દરબારમાં ઠરાવવી એવો હુકમ કર્યો. પાંચસે ઘોડાની પાશેર ચોખા કિંમત ઠરાવી અને પાછી પાશેર ચોખાની કિંમત ઠરાવવાની છે, એ વાત આખા શહેરમાં ફેલાઇ ગઈ. બીજે દિવસે પાશેર ચોખાની શું કિંમત ઠરાવાય છે તે જોવાને માટે લોકોનાં ટોળેટોળાં એકઠાં થયાં હતાં અને બોધિસત્ત્વ પણ પોતાના મિત્રમંડળ સહિત ત્યાં આવ્યો હતો.

દરબાર ભરાયા પછી વેપારીએ રાજાને કહ્યું: "મહારાજ! આપ નામદારના અનાજના કોઠારમાંથી મળેલા ચોખાની યોગ્ય કિંમત ઠરાવશો એવી હું આશા રાખું છું."

રાજાએ તે નવા અધિકારીને કિંમત ઠરાવવા કહ્યું, એટલે તેણે પોટલું હાથમાં લીધું અને બોલ્યો: "મહારાજ! આ પાશેર ચોખા પાંચસે ઘોડાની કિંમત બદલ આપવામાં આવ્યા છે; માટે આ ચોખાની કિંમત આસપાસના ગામ સહિત વારાણસી નગરી થાય છે!"

પાશેર ચોખાની ઠરાવેલી કિંમત સાંભળીને લોકોમાં હસાહસ થઇ રહી! કેટલાક માણસો તાળીઓ વગાડી કહેવા લાગ્યા: "અમારા મહારાજાને યોગ્ય અધિકારી મળ્યા છે." અને બીજા કેટલાક લોકો કહેવા લાગ્યા: "અમે અમારી રાજધાનીને અમૂલખ સમજતા હતા,

પરંતુ તેની કિંમત પાશેર ચોખા કરતાં વધારે નથી એ અમે આજે જ સમજ્યા. વાહ રે કિંમત કરનાર, વાહ !"

રાજા શરમીંદો પડી ગયો. તેણે તરત જ ત્યાં ને ત્યાં તે લોભી અધિકારીને પદભ્રષ્ટ કર્યો, અને બોધિસત્ત્વને તે અધિકાર પુનઃ સોંપ્યો. પછી બોધિસત્ત્વે ઠરાવેલી યોગ્ય કિંમત આપીને તે વેપારીનું સમાધાન કર્યું !

---

૫ સુખી સંન્યાસી

[સુખવિહારિ જાતક નં. ૧૦]

એક સમયે બોધિસત્ત્વ ઔદિચ્ય બ્રાહ્મણના કુળમાં જન્મ્યો હતો. યોગ્ય ઉંમરે તે સંસાર છોડી પરિવ્રાજક થયો, અને હિમાલય ઉપર રહેવા લાગ્યો. ત્યાં તેના ઘણા શિષ્યો થયા. એક વખત વર્ષા ઋતુમાં તેઓ ફરતા ફરતા કાશીમાં આવ્યા, અને ત્યાંના રાજાના આગ્રહથી તેના ઉદ્યાનમાં ચાર માસ રહ્યા. વર્ષાઋતુ પૂરી થયા પછી શિષ્યો સહિત તે હિમાલય ઉપર જવા તૈયાર થયા.

તે વખતે રાજાએ કહ્યું: " મહારાજ, હવે આપ વૃદ્ધ થયા છો. હિમાલયની ટેકરીઓ ચડવી અને ઊતરવી એ આપને ક્લેશકર થશે. માટે આપ અહીં જ રહો અને આપના શિષ્યોને હિમાલય ઉપર જવા દો."

બોધિસત્ત્વે રાજાની વાત કબુલ કરી. પોતાના એક મુખ્ય શિષ્ય સાથે બધા શિષ્યોને હિમાલયના આશ્રમમાં મોકલી દીધા અને પોતે એકલા તે ઉદ્યાનમાં રહેવા લાગ્યા. રાજાએ તેમની સારી બરદાસ્ત કરી.

બોધિસત્ત્વનો વડો શિષ્ય બધા પરિવ્રાજકો સાથે હિમાલય પર રહેવા લાગ્યો. ત્યાં થોડો વખત રહ્યા પછી તેણે બીજા પરિવ્રાજકોને કહ્યું: " ગુરુને જોયે બહુ દિવસ થઇ ગયા છે, માટે હું એકલો જઇને

તેમની ખબર લઇ આવું છું. ત્યાં સુધી તમે સંપથી રહીને તપની વૃદ્ધિ કરો."

ત્યાંથી નીકળી ફરતો ફરતો તે કાશી આવી ગુરુને મળ્યો. સંધ્યાકાળે ઓસરી ઉપર ચટાઈ નાખી વિશ્રામ માટે સૂઇ રહ્યો. એટલામાં કાશીરાજા બોધિસત્ત્વનાં દર્શને આવ્યો. તેને જતો જોઇ તે શિષ્ય ઉઠ્યો તો નહિ પણ "અહો સુખં, અહો સુખં" એમ ઉદ્‌ગાર કાઢ્યા. તાપસે પોતાનું અપમાન કર્યું જોઇ રાજાને બહુ ખરાબ લાગ્યું, પણ બોધિસત્ત્વની મર્યાદાને લીધે તેણે પોતાનો રોષ છૂપાવ્યો અને આશ્રમમાં દાખલ થયો. પછી ગુરુને નમસ્કાર કરી એક બાજુએ બેઠો અને બોધિસત્ત્વને કહ્યું: "ગુરુજી, આજ આપણા આશ્રમમાં કોઇ નવો તાપસ આવ્યો જણાય છે, પણ તે ખરો તાપસ હોય એમ મને લાગતું નથી. હું આશ્રમમાં આવ્યો ત્યારે સૂતેલો ત્યાંથી નહિ ઊઠતાં ચટાઇ ઉપર લોટતાં લોટતાં "અહો સુખં, અહો સુખં" એમ બોલ્યો. માટે મને લાગે છે કે આ તાપસ આળસુ હોવાથી ગળા સુધી ખાઇને સૂઈ રહેલો હોવો જોઇએ."

બોધિસત્ત્વે જવાબ આપ્યો: "રાજન્, આપની ગેરસમજણ થઇ છે. આ તાપસ યથેચ્છ ખાઇને અજગરની માફક આળોટવામાં સુખ માને તેવો મનુષ્ય નથી. પહેલાં તે આપની પેઠે ઉત્તર બાજુના એક પ્રદેશનો રાજા હતો. તે પોતાનું રાજ્ય પોતાના યુવાન પુત્રોને સોંપી મારો અનુયાયી થયો. હિમાલયના આશ્રમમાં મારા જે શિષ્યો છે તેમાં એ જ મુખ્ય છે. આજે જ તે અહીં આવ્યો છે. રસ્તાના શ્રમને લીધે તે આરામ માટે ઓસરી ઉપર સૂતો છે. તેના ઉદ્‌ગારનું રહસ્ય તમે સમજ્યા નથી. જે વખતે તે રજવાડામાં રહેતો હતો તે વખતે, તમારું રક્ષણ કરે છે તેમ તેના સિપાઇઓ તેનું રક્ષણ કરતા હતા; અને પોતાના જીવનને હાનિ ન પહોંચે તે માટે તે બીજા લોકો

ઉપર સખ્ત નજર રાખતો હતો. હાજીહાજી કરનાર અને મીઠાબોલા ધૂર્ત લોકોએ તેને ઘેર્યો હતો. પોતાની સ્ત્રીઓ ઉપર પણ તેને વિશ્વાસ ન હતો. આવી સ્થિતિમાં રાજસંપત્તિ તેને વિષમ લાગે એમાં નવાઇ નથી. અર્થાત્ રાજમહેલથી કંટાળીને તેણે તેનો ત્યાગ કર્યો, અને હિમાલય ઉપર મારા આશ્રમમાં આવી રહેવા લાગ્યો. હવે જે વખતે તેણે આપને જોયા તે વખતે હું આવી સંપત્તિરૂપ વિપત્તિમાંથી બહાર નીકળ્યો એવી તેને યાદ આવી હશે, અને તેથી 'અહો સુખં, અહો સુખં' એવા ઉદ્‌ગાર કાઢ્યા હોવા જોઇએ.''

રાજાને બોધિસત્ત્વના કથનથી આશ્ચર્ય થયું; અને તે તાપસ માટે પોતે ખરાબ કલ્પના કરી તે માટે તે દીલગીર થયો. બહાર જઇ તે તાપસને તેણે વંદન કર્યું અને તેનો વૃત્તાંત પૂછ્યો. તાપસે પોતે કેવી રીતે રાજસુખથી કંટાળી તેનો ત્યાગ કર્યો, અને કેવી રીતે હિમાલય પર્વત ઉપર આવ્યો, અને ગુરુના આશ્રમમાં રહ્યા પછી તેને કેટલું સુખ થયું ઇત્યાદિ સર્વ વૃત્તાંત કહ્યો; અને પછી ઉમેર્યું: "મહારાજ! આજ જ્યારે મેં તમારો મોટો આડંબર જોયો ત્યારે મને મારા રજવાડામાંની વિપત્તિ યાદ આવી, અને સહેજે મોંમાંથી ' અહો સુખં, અહો સુખં' એવા ઉદ્‌ગાર નીકળ્યા.'' રાજાએ કહ્યું: " હે તાપસ, આપ મને ક્ષમા કરો. રાજસુખમાં ડૂબેલો એવો હું આપ જેવા સત્પુરુષને પારખી શક્યો નહિ. દરેકે મને માન આપવું જ જોઇએ એવી મારી માન્યતા છે, અને તેથી વિરુદ્ધ વર્તે તેના ઉપર મને ધિક્કાર આવે છે. આપ મને જોઇને ઊઠ્યા નહિ તેથી મને ક્રોધ ચઢ્યો; તેને લઇને મેં આપના ઉદ્‌ગારનો વિચિત્ર અર્થ કર્યો. આપના ઉદાર ચરિત્રથી મારા આચરણ પર સારૂં પરિણામ આવશે એવી મને આશા છે.

તાપસે રાજાને ધર્મ અને ન્યાયથી રાજ્ય ચલાવવાનો ઉપદેશ કર્યો. પછી રાજા તેને વંદન કરી પોતાને મહેલ ગયો.

* एक तटस्थ मानसीं । एक सहजची आळशी ॥ १ ॥
दोन्ही दिसती सारखीं । धर्म जाणे तो पारखी ॥ २ ॥
एक ध्यानीं करिती जप । एक बेसुनि घेती झोंप ॥ ३ ॥
एका सर्वस्वाचा त्याग । एका पोटासाठीं जग ॥ ४ ॥
एका भक्ति पोटासाठीं । एका देवासाठीं गांठीं ॥ ५ ॥
धर्म पोटीं एका । फळें दोन म्हणे तुका ॥ ६ ॥
(तुकाराम)

૬ ઉદારમતિ મૃગ

[નિગ્રોધમિગ જાતક નં. ૧૨]

એક વખત બોધિસત્ત્વનો મૃગકુળમાં જન્મ થયો હતો. તેની કાન્તિ સુવર્ણ જેવી હતી, આંખો વજ્રમણિ જેવી હતી, શીંગડાં રજત હતાં, મોઢું અરુણવર્ણું, અને હાથપગ લાક્ષારસથી ચીતરેલી કેળ જેવા સુંદર હતા. તેની પૂંછડી ચમરીમૃગ જેવી સુંદર હતી, અને શરીર યુવાન ઘોડા જેવું સુંદર દેખાતું હતું. તે પોતાના પાંચસે મૃગના પરિવાર સહિત જંગલમાં રહેતો હતો. લોકો તેને ન્યગ્રોધ મૃગરાજ કહેતા. તે જ જંગલમાં ન્યગ્રોધની જાતનો બીજો શાખમૃગ નામનો મૃગ પોતાના પરિવાર સહિત રહેતો હતો.

તે વખતે કાશીરાજાને મૃગયાની બહુ જ લત લાગી હતી. તે હમેશ શિકારે જતાં મૃગોને ઘેરવા માટે પોતાના ગામની આસપાસના

* એક મનથી તટસ્થ છે, બીજો સ્વભાવથી આળસુ છે; બન્ને સરખા દેખાય છે પણ જે પારખુ હોય છે તે ભેદ સમજે છે. એક ધ્યાનથી જપ કરે છે, બીજો બેઠો બેઠો ઊંઘે છે; એક પરમાર્થને માટે સર્વસ્વનો ત્યાગ કરીને ભટકે છે, બીજો પેટને માટે ભટકે છે; એક પેટને માટે ભક્તિ કરે છે, બીજો દેવને માટે ભક્તિ કરે છે. તુકો કહે છે કે આમ બાહ્ય સ્વરૂપ સરખું દેખાય છે, પણ અંદરનો ભેદ સ્પષ્ટ હોવાથી ફળ જુદું જુદું મળે છે.

ખેડુતોને લઇ જતો હતો. આથી વખતસર વાવણી ન થવાથી ખેડુતોને બહુ નુકશાન જતું. તેથી આસપાસના ખેડુતોએ વિચાર કર્યો: " ગમે તે વખતે શિકારે જવાથી આપણાં કામ અધુરાં રહે છે, તેના કરતાં એક મોટું જંગલ તૈયાર કરીને તેને એક મજબુત દરવાજો બેસાડી અરણ્યમાંથી પુષ્કળ મૃગોને લાવીને તેમાં પુરી દઇશું. એટલે રાજા એકેક મૃગનો શિકાર કરી માંસ ખાશે, અને આપણે સાથે શિકારે જવું નહિ પડે. "

તે પ્રમાણે તે લોકોએ એક મોટું જંગલ તૈયાર કર્યું અને મૃગોને પાણી પીવા માટે એક નાનું તળાવ ખોદયું. ચોમાસા પછી ત્યાં ઘાસ વધ્યું એટલે નગરના અને ગામડાના લોકો ભેગા થઈ શસ્ત્રાસ્ત્ર લઈ મૃગોને હાંકી લાવવા માટે ગયા. તેઓએ શાખમૃગના ટોળાને ઘેરો ઘાલ્યો. જંગલમાંના ઝાડવાને ઉખેડી નાખીને અને બૂમાબૂમ કરીને મૃગોને ત્યાંથી હાંકી કાઢયા. મૃગોને નાસવા માટે બીજો રસ્તો ન રહેવાથી તેઓ રાજા માટે બાંધેલા જંગલ તરફ દોડયા.

હવે મૃગોને જંગલમાં દાખલ થયા સિવાય છૂટકો નહતો. તેઓ અંદર પેઠા કે તરત જ લોકોએ દરવાજો બંધ કરી દીધો. પછી તેઓ રાજા પાસે ગયા અને કહ્યું: " મહારાજ, આપ અમને સાથે લઇને રોજ શિકારે જતા હતા તેથી અમને બહુ નુકશાન થતું હતું. એટલા માટે અમે હજારેક મૃગનું ટોળું લાવી નવા જંગલમાં છોડયું છે. હવે રોજ આપને જે એકબે મૃગ મારવા હોય તે એમાંથી મારજો. હવે અમને શિકારમાં સાથે આવવાનો હુકમ કરશો નહિ. "

રાજાને તે લોકોનું કહેવું પસંદ પડયું, અને હવે શિકારે જવા માટે તેઓને જબરજસ્તી કરવામાં નહિ આવે એવું વચન આપ્યું. પછી તે લોકો પોતાને ઘેર ગયા, એટલે રાજા પોતાના રસોઇયા સાથે જંગલમાં ગયો. ત્યાં ન્યગ્રોધ અને શાખમૃગને જોઇ રાજા બહુ ખુશ થયો અને તે બે મૃગને રાજાએ જીવતદાન આપ્યું. ત્યારપછી તે રાજા

અથવા તો તેનો મુખ્ય રસોઈયો બેમાંથી એક જણ જઈને એક મૃગને મારી લાવતા.

પણ મૃગો રાજાને તથા રસોઈયાને જોઇને આમતેમ દોડી જતા તેથી એક મૃગને મારતાં ચાર પાંચ મૃગ ઘાયલ થતા; અને કોઈ કોઇ તો જખમથી મરી પણ જતા. બોધિસત્ત્વની ટોળીમાંના મૃગોએ બોધિસત્ત્વને આ વાત કહી, તેથી તેણે શાખમૃગને બોલાવીને કહ્યું: "મિત્ર, એક મૃગને માટે પુષ્કળ મૃગનું મરણ થાય છે. દરરોજ એક મૃગનું મરણ તો થવાનું જ, તેના માટે બીજા મૃગોનો નાશ ન થવા દેવો તે આપણા હાથમાં છે. આપણે રાજાને વિનંતી કરીશું કે હવેથી મૃગોને બાણથી મારશો નહિ. પણ એક જગ્યા તૈયાર કરી ત્યાં લાકડાની આડ મૂકવી અને દરરોજ એક મૃગે જઇને તેના ઉપર માથું મૂકવું જેથી રાજાએ અથવા તો રસોઇયાએ આવી તેનું માથું કાપી જવું."

શાખમૃગને પણ આ રીત પસંદ પડી એટલે બોધિસત્ત્વે તેને કહ્યું: "મારો અને તારો પરિવાર સરખો છે. એટલે એક દિવસ મારા પરિવારનો વારો, તો બીજે દિવસ તારા પરિવારનો વારો એ પ્રમાણે આપણે કરીશું."

આ વાતમાં શાખમૃગ સંમત થયો, અને તે દિવસથી વારા પ્રમાણે નિયત કરેલા ઠેકાણે મૃગ મોકલવાનું નક્કી થયું. બીજા દિવસે રાજા મૃગને મારવા આવ્યો એટલે જેને જીવતદાન મળેલું છે એવા તે બે મૃગ રાજા પાસે આવ્યા અને તેને કહ્યું: "મહારાજ, આપને રોજ એક મૃગનું માંસ જોઈએ છે, પણ તેના માટે અનેક મૃગનો નાશ થાય છે. માટે મહેરબાની કરીને અમારા માટે એક જગ્યા નક્કી કરો. અમારામાંનો એક મૃગ ચોક્કસ જગ્યાએ આવીને ત્યાં મૂકેલી આડ ઉપર માથું મૂકીને પડયો રહેશે, તેને આપ એક જ ઘાએ મારી ત્યાંથી લઈ જજો. એટલે બાણના ઘાથી જે મૃગો ઘાયલ થઇ વિના કારણ મૃત્યુ પામે છે તે થશે નહિ, તેમ આપશ્રીને તેઓની પાછળ દોડવાનો પરિશ્રમ પણ પડશે નહિ."

રાજાએ મૃગોની વિનંતી માન્ય કરી તેના કહેવા પ્રમાણે એક સ્થાન તૈયાર કર્યું; અને તે દિવસથી આડ ઉપર સૂતેલા મૃગને મારવાનો પોતાના રસોઇયાને હુકમ કર્યો. આ વ્યવસ્થા કેટલાક કાળ સુધી અખંડિત ચાલી.

એક દિવસે શાખમૃગના પરિવારમાંની એક મૃગલીનો વારો આવ્યો. તે વખતે તેણે શાખમૃગને કહ્યું: “મહારાજ, આજનો મારો વારો બીજા કોઈ મૃગને આપો. હું હાલમાં ગર્ભિણી છું; પ્રસૂત થયા પછી હું અને મારૂં બચ્ચું બન્ને વારા ઉપર જઇશું.”

શાખે કહ્યું: “બાઇ, આમ કરવું મને પરવડે નહિ. જેનો વારો આવે તેણે જવું જ જોઇએ. હું જો અન્યાયથી વર્તું તો મારા પરિવારમાં અવ્યવસ્થા થાય, તેથી હું તારી વિનંતી માન્ય કરી શકતો નથી.”

બિચારી મૃગલી દુઃખિત મને ન્યગ્રોધ પાસે ગઈ અને તેને કહ્યું: “મહારાજ, હું શાખમૃગના પરિવારમાંની એક ગર્ભિણી મૃગલી છું. આજ રાજાના અન્ન માટે દેહ અર્પણ કરવાનો મારો વારો છે. મારો વારો થોડા વખત માટે બીજા મૃગને સોંપવા મેં શાખમૃગને વિનંતી કરી પણ તેણે માન્ય કરી નહિ. માટે જો આપ આપના પરિવારમાંથી કોઇ એક મૃગને મારી અવેજીમાં મોકલવાની કૃપા કરશો તો હું પ્રસૂત થયા પછી હું અને મારૂં બચ્ચું જ્યારે તમારા પરિવારનો વારો આવશે ત્યારે તે વારાનો ખુશીથી સ્વીકાર કરી જઇશું.”

ન્યગ્રોધે કહ્યું: “બાઇ, તું જરા પણ ગભરાઇશ નહિ. હું તારા વારાની વ્યવસ્થા કરૂં છું. તું ખુશીથી ચારો ખાઇ પી આનંદ કર.”

તે દિવસે રાજાનો રસોઇયો આવીને જુએ છે તો અભયદાન દીધેલો ન્યગ્રોધ માથું મૂકીને પડયો છે. તે આશ્ચર્યચકિત થઇને તરત જ દોડતો રાજા પાસે ગયો અને કહ્યું: “મહારાજ, આજ હું મૃગને મારવા માટે રોજની જગ્યાએ ગયો હતો, ત્યાં અભયદાન દીધેલા મૃગનાયકમાંનો એક મૃગ તે આડ ઉપર માથું મૂકીને પડયો છે!

પણ આપના હુકમ સિવાય હું તેને કેવી રીતે મારૂં ? એટલા માટે અહીં દોડતો ખબર કહેવા આવ્યો છું. હવે આપનો હુકમ થશે તે પ્રમાણે કરીશ."

રાજા પોતે રસોઇયા સહિત તે જગ્યાએ ગયો, અને માથું મૂકી પડેલા મૃગને કહ્યું: "મિત્ર મૃગરાજ, તને મેં અભયદાન આપ્યું છે છતાં તું આ જગ્યાએ માથું નાખી કેમ પડયો છે ?"

ન્યગ્રોધે જવાબ આપ્યો: "મહારાજ, મૃગોનો નાયક હોવાથી મારો વારો આવવાનો સંભવ નથી. પણ શાખના પરિવારમાંથી એક ગર્ભિણી મૃગલીનો આજ વારો હતો. તેણે પોતાનો વારો બીજા મૃગને આપવા મને વિનંતી કરી હતી. પણ એકનું મરણ મારાથી બીજાને કેમ અપાય ? તેથી જ તેનો વારો લઇને હું અહીં પડયો છું. મને મારવાથી આપ વચનભંગ થશો એવી શંકા આણશો નહિ, કારણકે હું મારે માટે ન મરતાં એક ગર્ભિણી મૃગલી માટે મરવા તૈયાર છું."

રાજાએ કહ્યું: "હું તે ગર્ભિણી મૃગલીને પણ અભયદાન આપું છું. તું હવે આડ ઉપરથી ઊઠ."

"પણ મહારાજ, બીજા મૃગની શી વલે ? ગર્ભિણી મૃગલીનો વારો મેં લીધો તેથી તેને જીવતદાન મળ્યું એ વાતની બીજા મૃગોને ખબર પડતાં તેઓ પોતાનો વારો ચુકવવા મને વિનંતી કરશે, અને તેથી મારે વારંવાર અહીં આવી આપને તસ્દી આપવી પડશે ! તેના કરતાં આજ જ આપ મને મારો એ બહેતર છે !"

રાજાએ કહ્યું: "આમ છે તો હું બધા મૃગોને જીવતદાન આપું છું."

ન્યગ્રોધે કહ્યું: "મહારાજ, ઉદ્યાનમાંના મૃગોને આપ જીવતદાન આપો છો, પણ જંગલમાંના મૃગોની તથા બીજાં પ્રાણીઓની શી ગતિ ?"

રાજાએ બધાં પશુઓને નહિ મારવાનું અભયવચન આપ્યું ત્યાર-પછી જ ન્યગ્રોધ તે જગ્યાએથી ઊઠયો, અને રાજાને શીલ અને

ધર્મથી રાજ્ય કરવાનો ઉપદેશ આપી સ્વસ્થાને ગયો. પછી રાજાએ બધા મૃગોને ઉદ્યાનમાંથી છોડી મૂકયા. તેઓ જંગલમાં પોતાના મૂળ સ્થાનકે ગયા. ત્યાં તે ગર્ભિણી મૃગલીએ એક સુંદર મૃગને જન્મ આપ્યો. તે નાનપણમાં રોજ શાખમૃગના ટોળામાં જતો હતો. તેની માને આ વાતની ખબર પડી ત્યારે તેણે તેને કહ્યું: " બેટા, તારૂં કલ્યાણ ઇચ્છતો હોય તો શાખમૃગની સંગત ન કરતાં ન્યગ્રોધ મૃગની સંગત કરજે. ન્યગ્રોધની સાથે મરવું સારૂં છે, પણ શાખની સાથે જીવવામાં પણ લાભ નથી.* "

૭ સ્વાદનું બંધન

[વાતમિગ જાતક નં. ૧૪]

એક વખત બોધિસત્ત્વનો વારાણસીના રાજાની પટરાણીના પેટે જન્મ થયો હતો. પિતાના મરણ પછી વારાણસીનો તે રાજા થયો. તેનો સંજય નામનો એક હોંશિયાર માળી હતો. એક દિવસ રાજાએ તેને કહ્યું: " સંજય, તારા બાગમાં કોઈ આશ્ચર્યકારક બનાવ બતાવી શકીશ ? "

સંજય બોલ્યો: " મારે જોઇએ એટલું મધ આપવાનો આપ હુકમ કરો તો આપ મહારાજને થોડા જ દિવસમાં હું એક અપૂર્વ આશ્ચર્ય બતાવીશ. "

રાજાએ સંજયને જોઇએ તેટલું મધ કોઠારમાંથી આપવા હુકમ કર્યો.

---

* મૂળ ગાથા:

निग्रोधमेव सेवेय्य न साखं उपसंवसे ।
निग्रोधस्मिं मतं सेय्यो यञ्चे साखस्मिं जीवितं ॥

તે ઉદ્યાનમાં રોજ એક વાયુમૃગ આવતો હતો; પણ તે મૃગ સંજયનો પડછાયો પડતાં જ બાણની પેઠે નાસી જતો. સંજયે રાજાના કોઠારમાંથી મધ લાવી ચારામાં મેળવ્યું. ધીમે ધીમે તે મૃગને ચારાનો એટલો તો સ્વાદ લાગ્યો કે સંજયની પાસે જઈને પણ ચારો ચરવા લાગ્યો. થોડા દિવસ બાદ સંજયે રાજાને કહ્યું: " મહારાજ, હું આપને આજ એક આશ્ચર્ય બતાવવાનો છું, તે જોવા માટે આપે આજ રાજવાડામાં રહેવું. "

ત્યારપછી સંજય બાગમાં ગયો; અને પેલો મૃગ આવ્યા પછી તેની સામે મધ ચોપડેલો ચારો નાખ્યો. તે ખાઈ રહ્યા પછી રાજવાડાથી થોડે દૂર બીજી વખત ચારો નાખ્યો. આ પ્રમાણે ધીમે ધીમે તે મૃગને રાજવાડામાં લાવીને દરવાજો બંધ કરી દીધો. પછી સંજય રાજાને કહેવા લાગ્યો: " મહારાજ, આ વાયુમૃગ માણસના છાંયડે પણ ઊભો રહેતો નથી એ આપ જાણો છો. આમ છતાં પણ હું તેને અહીં લાવ્યો એ એક અપૂર્વ આશ્ચર્ય નથી કે ? "

રાજાએ કહ્યું: " વાયુમૃગ માણસના છાંયડે પણ ઊભો રહેતો નથી એ વાત સત્ય છે, પરંતુ રસતૃષ્ણા બળવાન છે. પોતાની જીભને વશ જો આ મૃગ થયો નહોત તો તે તારા તાબામાં કદી પણ આવત નહિ. પણ તેની જીભને રસસ્વાદ લાગ્યાથી તું લઈ જઈશ ત્યાં તે આવશે ! ખરેખર ! રસસ્વાદ બળવાન છે ! ! "

૮ નિયમિતપણાનું અને અનિયમિતપણાનું પરિણામ*

[ખારાદિય જાતક અને તિપલ્લત્થમિગ જાતક નં. ૧૫, ૧૬]

એક વખત બોધિસત્ત્વનો મૃગકુળમાં જન્મ થયો હતો. તે મૃગ-માયામાં બહુ જ નિપુણ હતો. તેની બે બેનોએ પોતાના બે જુવાન છોકરાઓને મૃગવિદ્યા શીખવા તેને સ્વાધીન કર્યા. પણ ખારાદિય નામની બેનનો દીકરો સાત દિવસ સુધી બોલાવ્યા છતાં પણ તેની પાસે આવ્યો નહિ. બીજી બેનનો દીકરો તિપલ્લત્થ મામાએ કહેલા વખતે આવીને વિદ્યા શીખી જતો.

ખારાદિયનો છોકરો શીખવાને વખતે નાસીને જંગલમાં ફરતો ફરે. એક વખત એક પારધીએ પાથરેલી જાળમાં તે ફસાઈ ગયો અને જોરથી બૂમો પાડવા માંડયો. તેની માને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તે દોડતી પોતાના ભાઈ પાસે આવી અને કહેવા લાગી: “ભાઈ, ચાર ઉપદેશની વાત કહીને મારા છોકરાને કોઇ પણ રીતે છૂટો કર.”

બોધિસત્ત્વે કહ્યું: “ખારાદિય, તારો દીકરો મેં સાત વખત બોલાવ્યા છતાં આવ્યો નહિ. તેને પોતાની ઇચ્છા પ્રમાણે ફરવાની ખરાબ ટેવ પડવાને લીધે પોતાનું હિત કરતાં આવડયું નહિ, અને હવે પાશમાં સપડાયા પછી જવામાં કંઇ જ અર્થ નથી. તેને પારધી મારવાનો

*ખારાદિય અને તિપલ્લત્થમિગ એ બે જાતકોને આધારે આ વાર્તા લખાઈ છે.

તો ખરો જ ! તેની પાસે જવાથી મારો જીવ નકામો જોખમમાં નાખ્યા જેવું થશે."

ખારાદ્રિય રડતી રડતી પોતાના દીકરાની ખબર લેવા ગઈ. પણ તે ત્યાં પહોંચી તે પહેલાં જ પારધી તેને મારીને ઉપાડી ગયો હતો !

થોડા દિવસ ગયા પછી તિપલ્લત્થ જાળમાં સપડાયો. તે વખતે તેની માએ પોતાના ભાઇને કહ્યું: "મારા દીકરાને મેં તારી પાસે મૂકયો હતો છતાં તેની આ શી દશા થઈ?"

બોધિસત્ત્વે કહ્યું: "તું જરા પણ ગભરાઇશ નહિ. તારો દીકરો નિયમિત રીતે વિદ્યા શીખ્યો છે. તેથી તે સો પાશમાંથી પણ છૂટીને આવશે. તો પછી આ પાશનો તે શો હિસાબ !"

હવે અહીં તે પારધી આવે તે પહેલાં જ તિપલ્લત્થે પોતાનું પેટ ફુલાવીને અને ડોળા ફાડીને તથા હાથપગ ખેંચીને મરી ગયાનો ઢોંગ કર્યો. પારધીએ તેના પેટ ઉપર ચાર પાંચ ટકોરા મારી જોયા અને પછી મોઢા વાટે નીકળતું ફીણ જોઈ પોતે મનમાં વિચારવા લાગ્યો: "આને જાળમાં સપડાયે બહુ વખત થયો હોવો જોઈએ. હવે જો વખત વધારે લાગશે તો માંસ બગડી જશે તેથી અહીં જ કટકા કરીને ટોપલીમાં ભરી લઈ જવું એ ઠીક છે."

આમ બોલીને તેણે તિપલ્લત્થનો પાશ છૂટો કર્યો, અને છરી સાફ કરવા લાગ્યો. એટલામાં તો તિપલ્લત્થ ઊઠીને ઊભો થયો ને પવન વેગથી છલંગ મારતો પોતાની મા પાસે જઈ ભેટી પડયો.

૯ તકરારનું ખરૂં કારણ સમજાતાં તેનો અંત આવે છે.

[માલુત જાતક નં. ૧૭]

એક જન્મમાં બોધિસત્ત્વ તપસ્વી થઈને એક પર્વતની તળેટીમાં રહેતો હતો. તે વખતે તે જ પર્વતની એક ગુફામાં એક સિંહ અને એક વાઘ બન્ને મિત્રભાવે સાથે રહેતા હતા. પણ એક દિવસે ઠંડી ઉપરથી બન્ને જણ વચ્ચે તકરાર ઉત્પન્ન થઈ. વાઘનું કહેવું એમ હતું કે ઠંડી કૃષ્ણપક્ષમાં વધારે પડે, અને સિંહનું કહેવું એમ હતું કે ઠંડી શુકલપક્ષમાં વધારે પડે. આવી રીતે વાદવિવાદ કરતાં ઝઘડો વધી પડયો. તે બન્ને બોધિસત્ત્વ પાસે ગયા અને કહેવા લાગ્યા: “ હે તાપસ, તું અમારી લઢાઇનો નિકાલ કર. ”

બોધિસત્ત્વે તેમની તકરારનું કારણ પૂછી લીધું અને કહ્યું: “ શુકલપક્ષ હોય કે કૃષ્ણપક્ષ હોય, પણ જે વખતે પવન છૂટે તે વખતે ઠંડી વધે છે. કારણ કે ઠંડો પવન તે જ ઠંડીનું કારણ છે. તેથી કેટલેક અંશે તમારૂં બંનેનું કહેવું ખોટું નથી. આ તકરારમાં કોઇનો પણ પરાજય થયો નથી એમ હું સમજું છું. ”

બોધિસત્ત્વના ઉપદેશથી બન્નેનાં તૂટેલાં મન ફરી સંધાયાં અને તકરારનો અંત આવ્યો. જે વિષય ઉપર વાદ થયો હોય તેનું ખરૂં કારણ સમજાતાં તકરારનો અંત આવશે !

૧૦ પ્રાણીનો વધ કરીને શ્રાદ્ધ કરવામાં શું શ્રેય છે!

[મતકભત્ત જાતક નં. ૧૮]

એક વખત વારાણસીમાં વેદશાસ્ત્રમાં પારંગત એવો એક પ્રખ્યાત બ્રાહ્મણ રહેતો હતો. તેની પાસે વેદ શીખવા માટે પુષ્કળ શિષ્યો રહેતા હતા. પિતૃઓના શ્રાદ્ધના દિવસે પોતે પોષેલો એક બકરો પોતાના શિષ્યોને સોંપી તેણે કહ્યું: "છોકરાઓ, આ બકરાને નદી ઉપર લઈ જઈ નવરાવી રક્ત ચંદનમાં પાંચ આંગળી * બોળી ઊભી લીટીઓ કાઢી શણગારી અહીં લાવો. એને મારી આજ મારે પિતૃઓનું શ્રાદ્ધ કરવું છે."

શિષ્યોએ બકરાને નદી ઉપર લઈ જઈ નવરાવી, લાલ ફૂલની માળાઓથી શણગારી, રક્ત ચંદનની લીટીઓ કરી નદી કાંઠે ઊભો કર્યો. તે વખતે બકરો જોરથી હસ્યો અને પછી મોટેથી રડ્યો. તે જોઈને જુવાનોને બહુ આશ્ચર્ય થયું. તેમણે પૂછ્યું: "તું પહેલાં હસ્યો અને પછી રડ્યો તેનું શું કારણ?"

બકરાએ કહ્યું: "આ પ્રશ્ન તમે ગુરુ પાસે ગયા પછી મને પૂછજો એટલે હું તમને ઉત્તર આપીશ."

શિષ્યો તે બકરાને ગુરુ પાસે લઈ ગયા, અને નદી પર બનેલો સર્વ વૃત્તાંત તેમને નિવેદન કર્યો. એટલે ગુરુએ બકરાને પૂછ્યું: "તું પહેલાં હસ્યો અને પછી રડ્યો તેનું શું કારણ?"

---

* રાતા ચંદનમાં હાથ ભીંજવી પાંચે આંગળીઓ ઊઠી આવે એવી રીતે જનાવરની પીઠ ઉપર મારવું તેને 'પંચાંગુલિક' કહેતા હતા.

બકરાએ જવાબ આપ્યોઃ " હે બ્રાહ્મણ, હું પાંચસો જન્મ પહેલાં તમારા જેવો જ પ્રખ્યાત બ્રાહ્મણ હતો. તે જન્મમાં પિતૃના શ્રાદ્ધના દિવસે મેં એક જ બકરાનો ઘાત કર્યો હતો. તે કર્મને લઇને મારે પાંચસો વખત બકરાનો જન્મ પામી શિરચ્છેદનું દુઃખ સહન કરવું પડયું. આ મારો છેવટનો જન્મ હોવાને લીધે ' હું આજ પશુ યોનિમાંથી મુકત થવાનો છું ' એ વિચારથી મને હર્ષ થયો અને મારૂં હસવું રોકી શકયો નહિ. પણ તે જ વખતે મને તમારૂં સ્મરણ થયું અને મને અત્યંત ખેદ થયો. આપ આ જન્મના અન્નદાતા છો, પાલનકર્તા છો, પણ આ કર્મથી આપને પણ મારી પેઠે પાંચસો વખત બકરાની યોનિમાં જન્મ લેવો પડશે, અને શિરચ્છેદનું દુઃખ સહન કરવું પડશે, એ વિચારથી મારૂં અંતઃકરણ કકળી ઊઠયું, અને શોક ન રોકી શકવાથી હું રડી પડયો. "

બ્રાહ્મણે કહ્યું: " ડાહ્યા બકરા, બ્હીશ નહિ. હું તારા જેવા પ્રાણીનો વધ કરી પશુજન્મ લેવાની ઇચ્છા કરતો નથી. તારા શોક માટે હું અત્યંત આભારી છું. હવે હું મારા શિષ્યો સહિત તારૂં રક્ષણ કરીશ."

બકરાએ કહ્યું: " તમે અને તમારા શિષ્યો મારૂં ગમે તેટલું રક્ષણ કરશો પણ આજ હું મરણથી બચવાનો નથી. કારણ મારૂં પાપ જ એવું છે કે શિરચ્છેદનું દુઃખ સહન કર્યા સિવાય સાક્ષાત્ બ્રહ્મદેવ પણ મને આ પાપમાંથી મુક્ત કરનાર નથી ! "

બ્રાહ્મણે તેના કથન ઉપર લક્ષ્ય ન આપતાં પોતાના શિષ્યો સહિત તેના રક્ષણનો બંદોબસ્ત કર્યો. બકરો ગામની બહાર એક ખડકોની બાજુએ વધેલાં ઝાડવાનાં પાંદડાં ખાતો હતો એટલામાં મોટા કડાકા સાથે તે ખડકી ઉપર વીજળી પડી, અને તેમાંનો એક પત્થર ઊડીને બકરાની ગરદન ઉપર પડયો, અને ધડથી માથું જુદું થયું ! તે આશ્ચર્ય જોવા માટે ઘણા લોકો એકઠા થયા.

બોધિસત્ત્વ તે વખતે ત્યાં એક ઝાડ ઉપર વૃક્ષદેવતા થઇને રહેતો હતો. તેણે તે ભેગા થયેલા લોકોને કહ્યું: “ વારંવાર આ લોકમાં જન્મ પામવો એ દુ:ખકારક છે એમ જો મનુષ્યપ્રાણી સમજતા હોત તો તેઓ કદી પણ જીવોનો ઘાત કરત નહિ ! જીવોનો ઘાત કર્યાથી કેટલું દુ:ખ ભોગવવું પડે છે એ આ બકરાના ઉદાહરણથી સ્પષ્ટ દેખાય છે. ”

બોધિસત્ત્વનો ઉપદેશ સાંભળીને તે લોકો જીવહિંસાથી વિરત થયા.

૧૧ ખુશામત દુ:ખકારક છે !

[કુરંગમિગ જાતક નં ૨૧]

એક વખત બોધિસત્ત્વનો કુરંગમૃગ કુળમાં જન્મ થયો હતો. મોટો થયા પછી તે અરણ્યમાં જઇને જુદી જુદી જાતનાં ઝાડીનાં ફળ ખાતો હતો. એક વખત એક શીઝડીનું ઝાડ ફળના ભારથી લચી પડતું હતું. બોધિસત્ત્વ તે ઝાડ નીચે જઇને પવનથી પડેલાં ફળ ખાતો હતો, પણ બોધિસત્ત્વ જીભનો લાલચુ ન હતો. ફળ ખાતાં પહેલાં કોઇ પારધી એટલામાં સંતાઇ રહ્યો છે કે શું તેની બરાબર તપાસ કરતો, અને પછી નિર્વાહ જેટલાં ફળ ખાઈને ત્યાંથી જતો રહેતો.

એક દિવસ જંગલમાં ફરતો પારધી તે ઝાડ ઉપર ચઢીને સંતાઈ બેઠો. બોધિસત્ત્વ નિયમ પ્રમાણે એકદમ ઝાડ નીચે ન જતાં થોડે દૂર ઊભો રહી પારધીની તપાસ કરવા લાગ્યો. વૃક્ષ નીચે સારાં ફળ પડયાં નહિ હોય એમ સમજીને તે પારધીએ થોડાં ફળ બોધિસત્ત્વ ઊભો હતો તે બાજુએ ફેંકયાં. તો પણ બોધિસત્ત્વ ત્યાંથી ખસ્યો નહિ. પારધીએ બીજાં ફળ તોડીને ફેંકવાનો પ્રયોગ ચાલુ જ રાખ્યો.

એટલે બોધિસત્ત્વ બોલ્યો : " શીઝડી, તેં આજ મારી બહુ જ ખુશામત કરવા માંડી છે ! હમેશ પ્રમાણે સરળ રીતે ફળો ન પાડતાં આજ તું મારા તરફ આઘે સુધી ફળો ફેંકે છે ! ખુશામત દુઃખકારી છે એ તત્ત્વ મને ખબર હોવાથી હું તને દૂરથી જ નમસ્કાર કરી બીજા શીઝડીના ઝાડ પાસે જાઉં છું ! "

એમ કહી બોધિસત્ત્વ ત્યાંથી નાસી છૂટયો. પારધીએ શસ્ત્ર ફેંકયું પણ તે તેને વાગ્યું નહિ !

૧૨ ખરાબ સંગતનું ફળ

[મહિલામુખ જાતક નં. ૨૬]

વારાણસીના રાજાનો મહિલામુખ નામનો એક મંગળ હાથી હતો. રાજાનો તેના ઉપર બહુ પ્રેમ હતો. એક દિવસ મધ્ય રાત્રિના સુમારે તેની હસ્તિશાળા પાસે આવીને ચોરો મસલત કરવા લાગ્યા. ઘરની ભીંત અમુક રીતે તોડવી, કોઈ પકડવા આવે તો તેને કેવી રીતે ઠાર કરવો, કબાટ પેટી વગેરે કેવી રીતે ઉઘાડવું, તે વખતે મનમાં દયાનો અંશ પણ હોવો જોઈએ નહિ, એવી રીતે ચર્ચા કરી તેઓએ તે જ રાત્રે દરોડો પાડયો. તેમાં ફતેહ મળ્યાથી આ જગ્યાએ વાત કરવાથી સારો ફાયદો થાય છે એમ તે ચોરોની માન્યતા થઈ; અને દર વખતે તે જ જગ્યાએ આવી ચોરી સંબંધી મસલત કરવા લાગ્યા. તેઓ વચ્ચે ચાલતી વાતોનું પરિણામ મહિલામુખ હાથી ઉપર એવું તો ખરાબ આવ્યું કે તેનામાં દયાનો અંશ પણ રહ્યો નહિ. પ્રથમ તો તેણે પાસે આવેલા પોતાના મહાવતને જ માર્યો !

મહિલામુખ ગાંડો થયો છે તેવા ખબર રાજાને તરત જ આપવામાં આવ્યા.

તે વખતે બોધિસત્ત્વ રાજાનો પ્રધાન હતો.

રાજાએ તેને કહ્યું: " પંડિતજી, હસ્તિશાળામાં જઇને મંગલ હાથીના ગાંડપણનું કારણ શોધી કાઢો. આવો સારો હાથી એકાએક ગાંડો થાય એ વાત માન્યામાં પણ કેવી રીતે આવે ? "

બોધિસત્ત્વે હસ્તિશાળામાં જઈને મહિલામુખને તપાસ્યો પણ તેના શરીરને કંઈ પણ ઇજા થયાનું ચિન્હ માલમ પડયું નહિ. તેથી બોધિસત્ત્વે આસપાસની જગ્યા તપાસી જોઈ, તો એક ખુણામાં એક બે શસ્ત્ર તથા ભાંગીતૂટી ચીજો ચોરોએ નાખી દીધેલી જોવામાં આવી. તેથી ચોરોનો વાર્તાલાપ સાંભળીને આ હાથી બગડી ગયો હોવો જોઇએ એવી તેની ખાત્રી થઇ. તે રાજા પાસે ગયો અને કહેવા લાગ્યો: " મહારાજ ! મહિલામુખને કોઈ પણ પ્રકારનો રોગ થયો નથી. તેની પાસે ચોરોએ ચલાવેલી મસલતથી તેનું મન બગડી ગયું છે, અને તેથી તે ઉન્મત્ત થયો છે. દુષ્ટ સંગતિનું આ ફળ છે ! "

રાજાએ કહ્યું: " પંડિતજી, પણ એને સુધારવાનો કોઇ ઉપાય છે કે નહિ ? "

બોધિસત્ત્વે જવાબ આપ્યો: " મહારાજ ! તેનો સહેલો ઉપાય છે. સુશીલ સાધુ સંતોને બોલાવી હસ્તિશાળામાં ધર્મ ઉપર વ્યાખ્યાન આપવા કહો એટલે તે હાથી આપોઆપ સુધરી જશે. "

રાજાએ વારાણસીની આસપાસ રહેતા સાધુસંતોને બોલાવી હસ્તિશાળામાં ધર્મ વિષે વ્યાખ્યાન આપવા વિનંતી કરી.

તેઓએ ત્યાં બેસીને માણસોએ શીલવાન બનવું જોઇએ, શાંતિ રાખવી જોઈએ, પરોપકાર કરવો જોઇએ, દયા રાખવી જોઇએ, ઇત્યાદિ વિષયો ઉપર ચર્ચા કરી. તે સાંભળીને હાથીનો મદ ગળી ગયો અને પૂર્વ કરતાં પણ સૌમ્ય થયો !

રાજાએ ફરી ત્યાં ચોર અથવા ધૂર્ત લોક આવે નહિ તેવો બંદોબસ્ત કર્યો અને બોધિસત્ત્વના ચાતુર્યનાં વખાણ કરી તેનું યોગ્ય સન્માન કર્યું.

૧૩ ગરીબાઈ સારી

[મુનિક જાતક નં. ૩૦]

વારાણસીમાં બ્રહ્મદત્ત રાજા રાજ્ય કરતો હતો ત્યારે બોધિસત્ત્વનો એક કણબીની ગાયના પેટે જન્મ થયો હતો. તેનું નામ મહાલોહિત હતું. તેને એક ભાઇ હતો તેનું નામ ચુલ્લલોહિત હતું. તે કણબીના ઘરની સર્વ ખેતીનો આધાર તે બન્ને બળદ ઉપર હતો. પણ તેમને ખાવા માટે ઘાસ અથવા કડબ સિવાય બીજો કોઇ પણ ઊંચી જાતનો પદાર્થ મળતો નહિ. તે જ કણબીના ઘરમાં મુનિક નામે એક ડુક્કર હતો, તેને માત્ર મઝા હતી. તેને પેજ ભાત વગેરે પદાર્થ યથાસ્થિત આપવામાં આવતા હતા.

તે જોઈ ને ચુલ્લલોહિતે મહાલોહિતને કહ્યું: " ભાઈ, આ કેવો અન્યાય ! આપણે આ ખેડુતનાં બધાં ખેતર ખેડીએ છીએ છતાં આપણને ખાવા માટે માત્ર ભુસું મળે છે, જ્યારે આ મુનિક કંઈ કામ કરતો નથી છતાં તેને કેવી મઝા છે ! સવારે ઊઠી પેજ ભાત ખાઈ ડુરૂં ડુરૂં કરતો કેવો આમ તેમ ફરતો ફરે છે. "

મહાલોહિતે કહ્યું: " ભાઇ ચુલ્લલોહિત, તું આમ ઉતાવળો ન થઇશ. આપણા માલેકની દીકરીનું છઆઠ મહિના પછી લગ્ન થવાનું છે, તે વખતે મુનિકની શું સ્થિતિ થાય છે તે જોજે. ત્યાં સુધી ઘાસ ભુસામાં સંતોષ માન. "

કણબીની છોકરીના લગ્નસમારંભના દિવસે ચુલ્લલોહિત મોટા ભાઇ પાસે દોડતો દોડતો આવ્યો, અને આશ્ચર્યચક્તિ મુદ્રાથી બોલ્યો: " ભાઇ, તમે જે કહેતા હતા તે જ પ્રમાણે આજ બન્યું. મુનિકના હાથપગ બાંધીને તે ચીસ પાડતો હતો છતાં આપણા માલેકના

નોકરોએ એક અત્યંત તીક્ષ્ણ છરી વડે તેનું ગળું કાપી નાખ્યું અને તેના ટુકડે ટુકડા કર્યા."

મહાલોહિત બોલ્યો: "આટલા માટે જ તેને પોષવામાં આવ્યો હતો. નવરો બેસી રહી જે મઝા કરે છે તેની આવી જ સ્થિતિ થાય છે. મહેનત કરીને ખાધેલું ઘાસ પરાળ સારૂં, કારણકે તે દીર્ઘાયુષનું લક્ષણ છે."

૧૪ અસભ્યતાથી થતી હાનિ

[નચ્ચ જાતક નં. ૩૨]

પ્રાચીન કાળમાં એક વખત પશુઓએ સિંહને પોતાનો રાજા કર્યો. માછલીઓએ આનંદ નામના મત્સ્યને, અને પક્ષીઓએ સુવર્ણરાજ હંસને પોતાનો રાજા કર્યો. તે સુવર્ણરાજ હંસને એક અતિ સુસ્વરૂપ કન્યા હતી. તે કન્યાએ બાપના પૂછવાથી 'મને જે સ્વયંવરમાં પસંદ પડશે તેને હું મારો પતિ કરીશ' એમ વર માગ્યો. તે પ્રમાણે હંસ-રાજે પક્ષીઓના મોટા સમુદાયને હિમાલય બોલાવ્યો. એક મોટી શિલા ઉપર બધા પક્ષીઓ ભેગા થયા. એટલે હંસરાજે પોતાની કન્યાને કહ્યું: "આ પક્ષીઓના સમુદાયમાંથી તને જે પતિ તરીકે પસંદ પડે તેને શોધી કાઢ." તેણે મોરને પસંદ કર્યો. તે વખતે સર્વ પક્ષી તેની પાસે ગયા અને બોલ્યા: "તું ભાગ્યશાળી છે. રાજકન્યાએ આવડા મોટા પક્ષીસમુદાયમાંથી તારી જ પસંદગી કરી તેને માટે અમે તને અભિનંદન આપીએ છીએ."

"પરંતુ આ ઉપરથી મારૂં બળ તમારા લક્ષમાં નહિ આવે. મને નૃત્યકળા કેવી સરસ આવડે છે તે તો જુઓ." એમ કહીને મોર તો પક્ષીસમુદાય વચ્ચે કળા કરીને નાચવા મંડ્યો અને તેને લઈને તે નગ્ન થયો. સુવર્ણ હંસરાજને આથી બહુ શરમ આવી અને

બોલ્યો: "આનો અવાજ બહુ મધુર, પૃષ્ઠભાગ પણ સુંદર, ડોક નીલમણિ જેવી, અને લાંબાં સુંદર પીંછાં; પરંતુ એના આ નિર્લજ્જ નાચથી હું મારી છોકરીનો વિવાહ તેની સાથે કરવાને તૈયાર નથી."

એમ કહીને તેણે તે જ જગ્યાએ પોતાના ભાણેજ સાથે પોતાની કન્યાનો વિવાહ કર્યો. મોરે અત્યંત શરમાઇને ત્યાંથી પલાયન કર્યું. અસભ્યતાથી સારા ગુણો પણ વ્યર્થ ગયા.

---

૧૫ સંપ ત્યાં જંપ

[સમ્મોદમાન જાતક નં ૩૩]

વારાણસીમાં બ્રહ્મદત્ત રાજા રાજ્ય કરતો હતો. તે વખતે બોધિસત્ત્વનો લાવા પક્ષીના કુળમાં જન્મ થયો હતો. હજારો લાવાનો આગેવાન થઇને તે જંગલમાં રહેતો હતો. તે જંગલમાં એક પારધી ચરતાં લાવા પક્ષી ઉપર જાળ નાખતો, અને તેમાં પકડાયેલાં પક્ષીને વેચી પોતાનું ગુજરાન ચલાવતો હતો.

એક વખતે બોધિસત્ત્વે પોતાના સમુદાયના પક્ષીઓને કહ્યું: "આ પારધી આપણા જાતભાઇઓનો નાશ કરે છે. એમાંથી બચવાનો એક જ ઉપાય છે. તે એ કે આપણામાંથી જે કોઇ જાળમાં સપડાય તેમણે એકસંપથી જાળ લઇને ઊડવું, અને એકાદ કાંટાવાળા ઝાડ ઉપર જાળ નાખીને નીચેથી ઊડી જવું."

બીજા દિવસે કેટલાક પક્ષીઓ ઉપર પારધીએ જાળ નાખી કે તરત જ બોધિસત્ત્વના ઉપદેશ પ્રમાણે પક્ષીઓ એકી સાથે તે જાળ લઇને ઊડ્યાં, અને કાંટાવાળા ઝાડ ઉપર નાખી ત્યાંથી ઊડી ગયાં. કાંટામાંથી જાળ છૂટી કરતાં કરતાં પારધીને સાંજ પડી, અને ખાલી હાથે ઘેર જવાનો પ્રસંગ આવ્યો. આ પ્રમાણે હમેશ થવા માંડયું.

તેથી તેની સ્ત્રી અત્યંત ગુસ્સે થઇ અને કહેવા લાગી: "એક દમડી પણ ન લાવતાં રોજ ખાલી હાથે ઘેર આવો છો ! આ ઉપરથી એમ લાગે છે કે તમે કોઇ બીજી સ્ત્રી રાખી છે અને તેને માટે બધા પૈસા ખર્ચી નાખો છો !"

પારધી બોલ્યો: "ભદ્રે, આ તારી માન્યતા ખોટી છે. મને કોઈ પણ જાતનું વ્યસન નથી. પણ હું શું કરૂં ? પક્ષીઓ હમેશ એક સંપ કરી કાંટાવાળા ઝાડ ઉપર જાળ નાખી દે છે, તેથી મારો આખો દિવસ જાળ કાંટામાંથી છૂટી કરવામાં જાય છે, અને છેવટે કંઈ પણ પ્રાપ્ત થતું નથી. તથાપિ હું નિરાશ થયો નથી. જ્યાં સુધી તેમનામાં સંપ છે ત્યાં સુધી જાળ લઇ તેઓ ઊડી જશે. જ્યારે તેમનો સંપ તૂટશે, તે વખતે તેઓ મારા હાથમાં સપડાશે એ હું તને ખાત્રીથી કહું છું."

બહુ દિવસ પછી ચરતાં ચરતાં એક દિવસ એક પક્ષી બીજા ઉપર થઇને ગયું. તેથી બીજા પક્ષીને તેના ઉપર ગુસ્સો ચઢયો. પહેલાએ ક્ષમા માગી પણ બીજાએ ન સાંભળતાં લઢવાની શરૂઆત કરી. ધીમે ધીમે લાવા પક્ષીના સમુદાયમાં ફૂટ પડી. એટલે બોધિસત્ત્વે વિચાર કર્યો કે જ્યાં સંપ નથી ત્યાં સુરક્ષિતપણું નથી, માટે આપણે અહીંથી નીકળી જવું જોઇએ. તે પ્રમાણે બોધિસત્ત્વ પોતાની આજ્ઞામાં રહેનાર સમુદાયને લઇને ત્યાંથી ઊડી ગયો. હવે અહીં રહેતાં પક્ષીઓ જાળમાં સપડાય ત્યારે પણ લઢતાં, પક્ષપ્રતિપક્ષ કરતાં, અને જાળ ઉપાડવાનું બળ ન રહેતાં પારધીના હાથમાં સપડાતાં. આ પ્રમાણે થતાં પારધીને ખૂબ આનંદ થયો અને સ્ત્રી પણ તેના ઉપર પહેલા કરતાં વિશેષ પ્રેમ રાખવા લાગી.

૧૬ કલહસ્થાને રહેવું નહિ

[સકુણ જાતક નં. ૩૬]

એક વખત બોધિસત્ત્વનો પક્ષીના કુળમાં જન્મ થયો હતો. યોગ્ય ઉંમર થયા પછી તે પક્ષીઓનાં ટોળાં સહિત એક મોટા વૃક્ષ ઉપર રહેવા લાગ્યો. એક દિવસે તે વૃક્ષની ડાળીઓ એકબીજા સાથે ઘસાવાથી ધુમાડો નીકળવા માંડયો. તે જોઇને બોધિસત્ત્વે પક્ષીસમુદાયને કહ્યું: " અરે મિત્રો, જે વૃક્ષના આશ્રયે આપણે રહીએ છીએ, તેની ડાળીઓમાંથી તો ધુમાડો નીકળે છે. આનું પરિણામ એવું આવશે કે ડાળીઓના ઘસાવાથી અગ્નિ ઉત્પન્ન થઈ આખુ વૃક્ષ નાશ પામશે. તેથી આ ઠેકાણે ન રહેતાં આપણે બીજા ઠેકાણે જઇએ."

બોધિસત્ત્વનું કહેવું જેને રુચ્યું, તે તેની સાથે પોતાનાં બાળ-બચ્ચાં સહિત ત્યાંથી નીકળી ગયાં. પણ પોતાને ડાહ્યા સમજનાર બીજા હતા તે કહેવા લાગ્યા: " આ ટીપા પાણીમાં મગર જુએ છે! આવા પ્રાણીના ઉપદેશથી આપણે અહીં તહીં ફરીએ તો આપણે સુખશાંતિ મળવાની આશા ન રાખવી."

પરંતુ બોધિસત્ત્વે ભાખેલું ભવિષ્ય સાચું પડયું. એકાએક શાખા-માંથી અગ્નિ ઉત્પન્ન થયો અને વૃક્ષ બળવા માંડયું. ત્યાં રહેલાં પક્ષી સમય ન મળવાથી બીજી જગ્યાએ જઇ શક્યાં નહિ અને આગમાં પડી બળી મુઆં.

૧૭ વૃદ્ધસેવા

[*તિત્તિર જાતક નં. ૩૭]

પ્રાચીન કાળમાં હિમાલય પર્વત પર એક મોટા વડના આશ્રયે એક તેતર, એક વાનર અને એક હાથી રહેતા હતા. પણ તેમના વચ્ચે જોઇએ તેવું ઐક્ય નહતું, એક બીજા માટે લાગણી ન હતી. આવી રીતે હમેશ ચાલે એ ઇષ્ટ ન હોવાને લીધે તેઓએ એવો વિચાર કર્યો કે તેમનામાં જે વડિલ હોય તેની આજ્ઞા પ્રમાણે વર્તવું.

એટલે વાનરે હાથીને પૂછયું: "કેમ ભાઈ, આ વડનું ઝાડ તમે કેટલા દિવસથી જુઓ છો?"

હાથીએ કહ્યું: "જે વખતે આ ઝાડ તદ્દન નાનું હતું, તે વખતે મારી બાલ્યાવસ્થામાં હું તેના ઉપર થઇને જતો હતો. પણ વાનર દાદા, તમે આ ઝાડને કેટલા દિવસથી ઓળખો છો?"

વાનર બોલ્યો: "હું મારી બાલવયમાં આ વડના છેક ટોચના પાંદડાં જમીન ઉપર ઊભો રહીને ખાતો હતો, ત્યારથી હું આ વડને જોઉં છું. પણ તેતર દાદા, તમે આ ઝાડને કેટલા દિવસથી જુઓ છો?"

તેતરે કહ્યું: "અહીંથી થોડા અંતર ઉપર એક વડનું ઝાડ હતું. તેનાં ફળ ખાઇને હું આ જગ્યાએ શૌચવિધિ કરતો હતો, અને તેનાથી આ ઝાડ ઉગ્યું છે, અને ત્યારથી હું આ ઝાડને ઓળખું છું."

આ ઉપરથી તેતર તે ત્રણમાં વડિલ છે એમ સિદ્ધ થયું. ત્યારથી વાનર અને હાથી તેતર પંડિતની આજ્ઞા પ્રમાણે વર્તવા લાગ્યા. ત્યારપછી તે ત્રણ જણનો વાસ એક બીજાને સંતોષકારક થયો. આ તેતર પંડિત એ બોધિસત્ત્વ હતો તે જુદું કહેવાની જરૂર નથી.

---

* આ વાર્તા ચુલ્લવગ્ગમાં પે મળી આવે છે.

૧૮ લુચ્ચાઈ સદાકાળ ચાલતી નથી

[બક જાતક નં. ૩૮]

જૂના વખતમાં એક સુંદર તળાવના કાંઠે ઊગેલા મોટા વૃક્ષ પર બોધિસત્ત્વ વૃક્ષદેવતા થઇને રહેતો હતો. તે તળાવમાં પુષ્કળ માછલાં રહેતાં હતાં. એક વખત ઉનાળામાં તે તળાવનું પાણી ખૂટવા માંડયું. તે વખતે એક બગલો તળાવના કાંઠા ઉપર ચિંતાગ્રસ્ત થઇને બેઠો. તે જોઈને તળાવમાંનાં માછલાં તેને પૂછવા લાગ્યાં: “ હે આર્ય, તમે શો વિચાર કરો છો ! ”

બગલો બોલ્યો: “ બીજો શાનો ! હું તમારો જ વિચાર કરૂં છું. આ તળાવમાંનું પાણી દહાડે દિવસે ઘટતું જાય છે ! ખોરાક મળવાની તાણ ! અને ઉનાળો તો ભયંકર ! તેથી હવે તમારૂં શું થશે તે વિચારમાં હું પડયો છું. ”

માછલાં કહેવા લાગ્યાં: “ તો પછી આમાંથી છૂટવાનો કંઈ ઉપાય ! ”

બગલો બોલ્યો: “ જો મારૂં કહેવું સાંભળો તો તમારામાંથી એક એકને ચાંચમાં ઘાલી એક મોટા સરોવરમાં છોડી મૂકીશ. ”

પણ માછલાંને આ વાત રુચી નહિ. તે કહેવા લાગ્યાં:

“ એવું કોઈ દિવસ બન્યું છે ખરૂં ! જગતના આરંભ કાળથી માંડીને આજ સુધીમાં કોઈ બગલાને માછલાં ઉપર હેત કરતો જોયો છે ખરો ? અમોને એક એકને લઈ જઇને મારી ખાવાનો તારો હેતુ જણાય છે ! ”

બગલાએ જવાબ આપ્યો: “ બગલાં માછલાંને મારી ખાય છે એ વાત સાચી છે, તથાપિ હું વિશ્વાસઘાતનું મહાપાપ કેમ કરી

કરીશ. મારા પર તમે વિશ્વાસ તો મૂકી જુઓ. વળી જો તમને એમ લાગતું હોય કે અહીં બીજું કોઈ સારૂં તળાવ નથી તો તમારામાંથી કોઇ એકને મારી સાથે મોકલો, હું તેને તળાવ બતાવીને અહિં લાવું છું. તેથી તમારી ખાત્રી થશે. ”

માછલાંઓએ ખાત્રી કરવા માટે તેમનામાંના એક મોટા કાણા માછલાને તેની સાથે મોકલ્યો.

બગલાએ તે માછલાને મોટા સરોવરમાં લઈ જઇને મૂકયો, અને ફરી પાછો પહેલાંની જગ્યાએ લાવી મૂકયો. કાણા માછલાએ પોતાના મિત્રો પાસે નવીન સરોવરનું રસભર્યું વર્ણન કર્યું, એટલે બધાં માછલાં ત્યાં જવા માટે ઉત્સુક થયાં અને બગલાને કહેવા લાગ્યાં: “ આર્ય, અમને ત્યાં લઇ જવાની મહેરબાની કર. ”

પહેલાં પ્રથમ જ બગલાએ તો કાણા માછલાને લીધો, અને સરોવર બતાવી એક ઝાડની ડાળીના ખાંચામાં ગુંગળાવી મારી ખાધો અને હાડકાં મૂળમાં નાખ્યાં. પછી બગલો ફરી માછલાં પાસે ગયો અને બોલ્યો: “ હું તેને મૂકી આવ્યો. હવે જેની ઇચ્છા હોય તે આવો. ” એમ કહીને એક બીજા મોટા માછલાને લઇ ગયો અને તેની પણ તે જ વલે કરી. આ પ્રમાણે તે બધાં માછલાં મારીને ખાઇ ગયો. ફક્ત એક ખેંકડો તળાવમાં રહ્યો. તેને બગલો કહેવા લાગ્યો: “ ભાઈ ખેંકડા, તું પણ અહીં શા માટે રહે છે ? બધાં માછલાં સરોવરમાં આનંદ કરે છે અને તું એકલો જ આ ખાબોચિયામાં પડયો રહ્યો છે. ચાલ, મારી સાથે હું તને તે સુંદર સરોવરમાં મૂકી આવું ! ”

ખેંકડાએ વિચાર કર્યો કે આ ચોરે માછલાં મારી ખાધાં કે જીવતાં છોડ્યાં તેની શું ખબર પડે ! તથાપિ આની સાથે જઇને તેઓની શી સ્થિતિ થઈ છે તે જોઈ આવવામાં હરકત નથી. જો આ મને સુખરૂપ પહોંચાડે તો ઠીક છે, નહિ તો આ મારા હાથમાંથી જીવતો ન જાય તે વિષે મારે ખબરદારી રાખવી જોઇએ. તે બગલાને કહેવા

લાગ્યો: "બગલા મામા, માછલાંને લઇ ગયા તે તો સારૂં કર્યું, પણ મને કેવી રીતે લઇ જશો ?"

બગલાએ કહ્યું: "કેવી રીતે એટલે ? ચાંચમાં પકડીને !"

ખેંકડો બોલ્યો: "એક તો હું તમારી ચાંચમાં માઇશ નહિ: અને બીજું એ કે હું ગોળ અને જાડો છું એટલે તમે બરાબર પકડી શકશો નહિ. પરંતુ મારા પગ બહુ મજબુત છે, તેના વડે તમારા ગળાને વળગીને લટકતો રહું એટલે પડવાની પણ ધાસ્તી નહિ અને સુરક્ષિત રીતે જઈ શકીશું."

બગલાને આ વાત પસંદ પડી. ખેંકડાને ગળે લટકાવી સરોવર પાસે ગયો, તેને સરોવર બતાવ્યું અને નિયમ મુજબ પોતાના હમેશના ઝાડ તરફ વળ્યો. તે વખતે ખેંકડાએ કહ્યુ: "બગલા મામા, સરોવર તો આ બાજુ રહ્યું, અને તમે મને આ બાજુ ક્યાં લઇ જાઓ છો ?"

બગલો ગુસ્સે થઇ બોલ્યો: "કેમ જાણે મોટા મારા ભાણેજ ન હોય ! તને ગળે લટકાવીને ફરૂં છું તેથી તું મને તારો નોકર સમજે છે ? આ જો અહીં માછલાંનાં હાડકાંનો મોટો ઢગલો પડયો છે ! તારૂં હાડ પણ આ જ ઢગલા ઉપર પડશે એ તું નક્કી સમજજે !"

ખેંકડો બોલ્યો: "તે માછલાં મૂર્ખાઇને લીધે તારો ભોગ બન્યાં. પણ આ તો ખેંકડાથી પ્રસંગ પડયો છે તે તું ભૂલતો નહિ. મારા પગથી મેં તારી ડોક પકડી છે, તે કંઈ અમસ્તી નથી પકડી. ગમે તેમ કરીને જો તારે મને મારવો જ હશે તો આપણે બન્ને સાથે જ મરીશું. આ જોજે હું તારૂં ગળું કાપી કેવું જમીન ઉપર પાડું છું !" આમ કહી તેણે બગલાની ડોક દબાવી. બગલાની ઘાંટી દબાઇ અને ડોળા ફાટવાનો વખત આવ્યો એટલે તે બોલ્યો: "મહારાજ, મારા ઉપર મહેરબાની કરો. મને જીવતદાન આપો. હું તમને તળાવમાં પહોંચાડું છું."

ખેંકડો બોલ્યો: "ઠીક છે."

પછી બગલો તેને સરોવર પાસે લઈ ગયો, અને સરોવરના કાંઠા ઉપર હળવે રહીને કાદવમાં મૂક્યો. તે વખતે ખેંકડાએ કમળના ડીંટા પ્રમાણે તેનું ગળું કાપી નાખ્યું અને પાણીમાં પ્રવેશ કર્યો.

તે વખતે વૃક્ષદેવતાના રૂપે રહેતા બોધિસત્ત્વે કહ્યું: "લુચ્ચો પોતાની લુચ્ચાઇથી હમેશાં સુખી રહી શકતો નથી. બગલાને જેમ ખેંકડો મળ્યો તેમ લુચ્ચાને પણ કોઇ મળે છે જ."

૧૯ નીચનું બળ દ્રવ્ય

[નંદ જાતક નં. ૩૯]

વારાણસીમાં બ્રહ્મદત્ત રાજા રાજ્ય કરતો હતો. તે વખતે બોધિસત્ત્વનો એક ગૃહસ્થના ઘરમાં જન્મ થયો હતો. તેના એક મિત્રે વૃદ્ધાવસ્થામાં લગ્ન કર્યું હતું; તેને તે સ્ત્રીથી એક પુત્ર થયો હતો. તેણે વિચાર કર્યો કે મારી સ્ત્રી હજુ જુવાન છે, અને જો હું મરી જઇશ તો તે બીજું લગ્ન કરશે, અને ઘરમાંનું ધન તેના નવા પતિના હાથમાં સોંપતાં આઘુંપાછું જોશે નહિ અને તેને લઈને મારા છોકરાની ખરાબી થશે. એટલા માટે તેણે ઘરમાંનું સર્વ દ્રવ્ય પોતાના નંદ નામના નોકર પાસે ઉપડાવી જંગલમાં જઇ ત્યાં દાટયું. પછી તેણે નંદને કહ્યું: "મારો છોકરો ઉંમર લાયક થાય ત્યારે તેને તું આ દ્રવ્ય બતાવજે; અને તેને તજીને તું બીજી જગ્યાએ જઇશ નહિ."

થોડો વખત ગયા બાદ તે ગૃહસ્થ મરી ગયો. તેનો છોકરો ઉંમર લાયક થયો એટલે મા કહેવા લાગી: "ભાઇ, તારા પિતાએ ઘરમાંનું બધું દ્રવ્ય નંદ પાસે કોઈ જગ્યાએ દટાવ્યું છે. તે નંદને પૂછીને ખોદી કાઢ, અને તેનો વેપારધંધામાં ઉપયોગ કર."

પછી છોકરાએ નંદને પૂછયું: "નંદમામા, મારા પિતાએ દાટેલું કંઇ દ્રવ્ય છે કે?" નંદે 'છે' એમ ઉત્તર આપ્યો. પછી એક

દિવસ દ્રવ્ય લેવા માટે કોદાળી ટોપલી વગેરે લઇ બન્ને જણા જંગલમાં ગયા. જે જગ્યાએ દ્રવ્ય દાટયું હતું તે જગ્યાએ ઊભા રહેતાં જ નંદે મોટા ગર્વથી તે છોકરાને કહ્યું: " અરે દાસીપુત્ર, આ ઠેકાણે તને ક્યાંથી દ્રવ્ય મળવાનું છે ? "

આ પ્રમાણે જ્યારે જ્યારે દ્રવ્ય લેવાના હેતુથી બન્ને જણ જંગલમાં જાય ત્યારે ત્યારે નંદ તે જગ્યાએ ઊભો રહે, અને પેલા જુવાનને ગાળો દે. પોતાની બધી બાજી નંદના હાથમાં છે એમ સમજીને તે બિચારો જુવાન ગાળો સહન કરતો હતો. છેવટે તે કંટાળીને પોતાના બાપના મિત્ર – બોધિસત્ત્વ – પાસે ગયો અને તેને સર્વ વૃત્તાંત કહ્યો. એટલે બોધિસત્ત્વે કહ્યું: " દ્રવ્યવાળી જગ્યા શોધી કાઢવી કઠણ નથી. જે જગ્યાએ ઊભો રહીને નંદ તને ગાળો દે છે તે જ જગ્યાએ દ્રવ્ય હોવું જોઈએ; કારણ કે દ્રવ્યના સાન્નિધ્યથી નીચને બળ આવે છે. ફરી જ્યારે તે ઠેકાણે ઊભો રહીને નંદ તને ગાળો દે તે વખતે તેને ત્યાંથી કાઢી મૂકજે અને ત્યાં ખોદજે એટલે તને દ્રવ્ય મળશે. "

બોધિસત્ત્વની સલાહ પ્રમાણે વર્તીને તે જુવાન છોકરાએ દ્રવ્ય ઘેર આણ્યું અને તેનો સદુપયોગ કર્યો.

૨૦ સત્કર્મ કરતાં બીજું નહિ

[ખદિરંગાર જાતક નં. ૪૦]

બીજો બ્રહ્મદત્ત રાજા વારાણસીમાં રાજ્ય કરતો હતો તે વખતે બોધિસત્ત્વનો વણિક કુળમાં જન્મ થયો હતો. તે મોટા પરિવારના સહવાસમાં વધતાં વધતાં સોળ વર્ષનો થયો, અને સર્વ વિદ્યામાં પારંગત થયો. પિતાના મૃત્યુ બાદ વારાણસીના નગરશેઠનું સ્થાન તેને મળ્યું. પછી તેણે પોતાના ઉદાર સ્વભાવને અનુસરીને ચાર બાજુ ચાર, મધ્યમાં એક, અને એક પોતાના મકાનની પાસે એમ ગરીબ લોકો માટે દાનશાળાઓ સ્થાપન કરી. તે સિવાય તે શીલનું રક્ષણ કરતો અને ઉપોસથના દિવસે ઉપોસથ વ્રત પાળતો.

એક દિવસે બપોરના ભોજન સમય પહેલાં બોધિસત્ત્વના બારણામાં એક બુદ્ધ ભિક્ષા માટે આવી ઊભો રહ્યો. તે જોઇને બોધિસત્ત્વે આસન ઉપરથી ઊઠી તેની પૂજા કરી અને પોતાના નોકરને હાંક મારી. નોકરે 'શેઠ શો હુકમ છે' એમ પૂછ્યું. બોધિસત્ત્વે કહ્યું: "આપણા બારણામાં ઊભેલા આર્યનું પાત્ર લઈ આવ."

તે જ ક્ષણે મારે ત્યાં આવી એંશી હાથ લાંબો બળતા અંગારાનો ભયંકર ખાડો ઉત્પન્ન કર્યો. પ્રત્યેક બુદ્ધને ભિક્ષા મળે નહિ અને નગરશેઠના પુણ્યકર્મમાં અંતરાય આવે એવી મારની ઇચ્છા હતી, અને તેથી જ તેણે પોતાના સામર્થ્યથી તે ખાડો ઉત્પન્ન કર્યો હતો.

ભિક્ષાપાત્ર લેવા માટે ગયેલો નોકર ખદિરાંગારથી પરિપૂર્ણ અવીચિ નરકના જેવી ધગધગતી જ્વાલાઓ જેવા તે ખાડાને જોઈને અત્યંત ભયચકિત થઈ પાછો ફર્યો. બોધિસત્ત્વે પાછા ફરવાનું કારણ પૂછ્યું ત્યારે તેણે જવાબ આપ્યો: "શેઠ સાહેબ, આપણા

દરવાજા પાસે ભયંકર અગ્નિનો ખાડો ઉત્પન્ન થયો છે, તેથી હું કેવી રીતે જાઉં ?"

પછી બોધિસત્ત્વે પોતાના દરેક નોકરને પ્રત્યેક બુદ્ધનું ભિક્ષાપાત્ર લાવવા માટે મોકલ્યા પણ આગનો ખાડો ઓળંગીને જવાની કોઈ હિંમત કરી શક્યું નહિ. તેઓ બધા ભયભીત થઈને નાસી ગયા.

તે વખતે બોધિસત્ત્વ પોતે પ્રત્યેક બુદ્ધનું પાત્ર લાવવા માટે ગયો અને બળતા ખાડાના કાંઠા ઉપર ઊભા રહી તેણે આમતેમ જોયું. માર અદૃશ્ય ઊભો હતો તેના તરફ વળીને બોધિસત્ત્વે પૂછ્યું: "તું કોણ છે ?" મારે ઉત્તર આપ્યો: "હું માર છું." બોધિસત્ત્વે પૂછ્યું: "શું આ ખાડો તેં ઉત્પન્ન કર્યો છે ?" "હા." મારે ઉત્તર આપ્યો. "તેં આ ખાડો શા માટે ઉત્પન્ન કર્યો છે ?" બોધિસત્ત્વે પ્રશ્ન કર્યો. મારે કહ્યું: "પ્રત્યેક બુદ્ધને ભિક્ષા ન મળે અને તારા દાનમાં અંતરાય થાય તેવો મારો ઉદ્દેશ છે." બોધિસત્ત્વ બોલ્યો: "આ ખાડામાં તો શું, પણ ભયંકર નરકમાં ઊંધે મસ્તકે પડવા હું તૈયાર છું, પરંતુ સત્કર્મથી પાછો હઠવા હું તૈયાર નથી." એમ કહીને તે પ્રત્યેક બુદ્ધ તરફ ફરી કહેવા લાગ્યો: "ભદંત, ભિક્ષા ગ્રહણ કર્યા સિવાય ત્યાંથી જશો નહિ." પછી બોધિસત્ત્વે હાથમાં અન્નથી ભરેલો થાળ લઈને પ્રદીપ્ત ખાડામાં ઝંપલાવ્યું; પરંતુ આશ્ચર્યની વાત તો એ કે, તે અગ્નિથી તેને બિલકુલ ઇજા થઈ નહિ. જાણે તે કમળ પુષ્પના રાશિમાં ગયો હોય તેમ તે સહીસલામત નીકળી ગયો, અને પ્રત્યેક બુદ્ધનું પાત્ર અન્નથી ભર્યું.

સાધુ પુરુષોને સત્કર્મની આડે આવતાં વિઘ્નો પણ આનંદ જ આપે છે! અગ્નિની ખાઈ ફૂલના ઢગ પ્રમાણે જ લાગે છે.

૨૧ ગમે તેવા માર્ગે ઉપજીવિકા કરવી નહિ

[કપોત જાતક નં. ૪૨]

એક વખત બોધિસત્ત્વનો પારેવાના કુળમાં જન્મ થયો હતો. તે વખતે વારાણસી નગરીમાં રહેતા લોકો પુણ્ય બુદ્ધિથી પુષ્કળ ઠેકાણે તરણાંથી ભરેલી કોથળીઓ ટાંગી મૂકતા હતા. તેનો હેતુ એ જ કે તે કોથળીઓમાં પક્ષીઓ પોતાના માળા કરે. વારાણસીના નગરશેઠના રસોઈયાએ પણ એવી એક કોથળી રસોડામાં ટાંગી હતી. તે કોથળીમાં બોધિસત્ત્વ રહેતો હતો.

એક દિવસ રસોઇયાએ મત્સ્ય માંસાદિક પદાર્થ ધોઇને ફેંકેલા પાણીની વાસથી એક કાગડો ત્યાં આવ્યો અને રસોડામાં પોતાનો પ્રવેશ કેવી રીતે થાય એ વિચારવા લાગ્યો, અને ત્યાં જ બેસી રહ્યો. બોધિસત્ત્વ નિયમ પ્રમાણે જંગલમાં ચરવા જતો હતો તે વખતે કાગડાએ તેને જોયો, અને તે મનમાં કહેવા લાગ્યો: " આ પારેવાની સોબત કરીશ તો શેઠના રસોડામાંના મત્સ્ય માંસાદિકનો આસ્વાદ લેવાની તક મળશે. "

બીજા દિવસે બોધિસત્ત્વ બહાર નીકળે તે અગાઉ જ કાગડો ત્યાં જઈને બેઠો, અને બોધિસત્ત્વ જંગલમાં જવા નીકળ્યો એટલે તે પણ તેની પાછળ ગયો. આ કાગડાનો શો હેતુ છે એ ન સમજાયાથી બોધિસત્ત્વે તેને પૂછ્યું: " કેમ રે ભાઈ, તું મારી પાછળ કેમ આવે છે ? "

કાગડાએ જવાબ આપ્યો: “ મહારાજ, આપનું આચરણ એટલું સરસ છે કે મેં આજથી આપની સેવામાં જીંદગી ગુજારવાનો નિશ્ચય કર્યો છે.”

બોધિસત્ત્વે કહ્યું: “ પણ આપણ બેનો મેળ કેવી રીતે મળશે? મારો ખોરાક જુદો અને તારો જુદો.”

કાગડો બોલ્યો: “ જે વખતે તમે તમારો ચારો શોધવા જશો તે વખતે હું પણ તમારી સાથે આવી મારા પેટની વ્યવસ્થા કરીશ.” બોધિસત્ત્વે કહ્યું: “ એમ હોય તો ઠીક છે, પરંતુ તારે પણ મારી પેઠે સાવધાનીથી રહેવું જોઇશે.”

આ પ્રમાણે ઉપદેશ દઈને બોધિસત્ત્વ ઘાસનાં બી ઉપર પોતાની તૃપ્તિ કરવા લાગ્યો. કાગડાએ પણ છાણના કીડાથી પોતાનો નિર્વાહ કર્યો. સાંજે બોધિસત્ત્વની સાથે તે પણ પાકશાળામાં આવ્યો. રસોઇયાએ એ પારેવાનો મિત્ર હશે એમ ધારીને બીજી કોથળી ટાંગી આપી. તે દિવસથી કાગડો અને પારેવો સાથે રહેવા લાગ્યા.

એક દિવસે તે શેઠને ત્યાં પુષ્કળ મત્સ્ય અને માંસ લાવ્યા હતા. રસોઇયાએ તે જ્યાં ત્યાં લટકાવી રાખ્યું હતું. સાંજે કાગડો ત્યાં આવ્યો એટલે તેની દૃષ્ટિ તેના ઉપર પડી અને ત્યારથી તેના પેટમાં દુ:ખવા લાગ્યું. હવે તેના ઉપર કેવી રીતે ધાપ મારવી એ વિચારમાં ને વિચારમાં તેની આખી રાત પસાર થઇ.

બીજા દિવસે જ્યારે બોધિસત્ત્વ ચરવા જવા માટે બહાર નીકળ્યો ત્યારે તેણે કાગડાને કહ્યું: “ કાગડાભાઈ, ચાલો હવે ચરવા જવાનો વખત થયો.”

કાગડાએ કહ્યું: “ મહારાજ, મારા પેટમાં દુ:ખે છે તેથી તમે જાઓ.”

બોધિસત્ત્વે કહ્યું: “ પણ દોસ્ત, કાગડાને પેટમાં દુ:ખવાનો રોગ થાય છે એવું કોઇ દિવસ સાંભળ્યું નથી, અને તે ગમે તેટલું ખાય

તો પણ તેની તૃપ્તિ થતી નથી. પણ મને લાગે છે કે તારી દૃષ્ટિ આ મત્સ્ય માંસ ઉપર પડી છે, અને તેથી જ પેટમાં દુઃખવું [illegible] થયું હશે. આ માણસનો ખોરાક છે, કંઇ આપણા જેવા આશ્રિતનો નથી એ તું બરાબર ધ્યાનમાં રાખજે, અને આવા પદાર્થો ઉપર જીવ ન રાખતાં તું મારી સાથે ચરવા ચાલ."

કાગડો બોલ્યો: "તમે કહો છો તે મને કબુલ છે, પરંતુ આજ મારાથી તમારી સાથે અવાશે નહિ."

પારેવાએ કહ્યું: "એમ હોય તો ભલે; પરંતુ લોભને વશ થઈ તું પ્રાણઘાતક કર્મ કરીશ નહિ !"

બોધિસત્ત્વ ચરવા માટે બહાર ગયો. ત્યારપછી કાગડો રસોડામાં શું થાય છે તે ડોક ઊંચી કરી કરીને જોવા લાગ્યો.

રસોઇયો બધી રસોઈ તયાર કરી વિશ્રાંતિ માટે બહાર ગયો. એ લાગ જોઇ કાગડો પોતાની જગ્યાએથી બહાર નીકળ્યો, અને વિચાર કરવા લાગ્યો, કે માંસના નાના ટુકડા ખાવા એક મોટો ટુકડો લઇ જઈ કોથળીમાં બેસી ખાવો. છેવટે તેણે નિશ્ચય કર્યો કે મોટો ટુકડો લઇ જઇ કોથળામાં બેસી ખાવો. રસોઇયાએ માંસ ઢાંકીને મૂક્યું હતું. તેના ઉપરનું ઢાંકણું જ્યારે કાગડાએ નીચે પાડ્યું ત્યારે રસોઇયાને વહેમ પડ્યો તેથી તે રસોડામાં આવ્યો. તેણે કાગડાનું આ કૃત્ય જોયું ને મનમાં કહેવા લાગ્યો: "મારા શેઠ માટે તૈયાર કરેલું પકવાન્ન આ દુષ્ટ કાગડો ચાખી જુએ છે ! જાણે આજ મારો શેઠ ન હોય ! તેથી આ બદમાશ કાગડાને એના કૃત્યનું બરાબર ફળ આપ્યા સિવાય છૂટકો નથી !"

તેણે બારીબારણાં બંધ કરીને કાગડાને પકડ્યો, તેનાં પીંછાં ઉખેડી નાખ્યાં, અને આલુના રસમાં જીરૂમીઠું નાખીને તેના શરીર ઉપર લેપ કર્યો; પછી તેને કોથળીમાં નાખ્યો. કાગડો અત્યંત દુઃખી થઇને ટળવળતો કોથળીમાં પડ્યો !

બોધિસત્ત્વ સાંજે ઘેર આવ્યો, ત્યારે તેણે કાગડાની આવી હૃદય-દ્રાવક સ્થિતિ જોઇને કહ્યું: “ અરે ઓ લોભી કાગડા, તેં મારૂં વચન સાંભળ્યું નહિ ત્યારે તારી આવી દુર્દશા થઇ ને ? જે પોતાના હિતેચ્છુ મિત્રની શિખામણ માનતો નથી, અને લોભને વશ થઈ ગમે તેવા માર્ગે પોતાની આજીવિકા મેળવે છે તેની આવી જ સ્થિતિ થાય છે. ”

૨૨ દુષ્ટને આશ્રય આપવો નહિ

[વેળુક જાતક નં. ૪૩]

એક વખત બોધિસત્ત્વનો એક ધનાઢ્યને ઘેર જન્મ થયો હતો. યોગ્ય ઉંમર થયા પછી તેને વ્યાવહારિક સુખ તુચ્છ લાગ્યાથી અને વૈરાગ્ય શ્રેષ્ઠ લાગ્યાથી તેણે તાપસવેશ ધારણ કર્યો અને હિમાલયનો રસ્તો પકડયો. ત્યાં તેની બહુ ખ્યાતિ થવાથી ઘણા તપસ્વીઓ શિષ્ય-ભાવે તેની પાસે રહેવા લાગ્યા.

તે પ્રદેશમાં એક તપસ્વીના આશ્રમમાં એક કાળસર્પનું બચ્ચું ફરતું ફરતું આવ્યું. તે તપસ્વીને કૌતુક લાગવાથી તેણે તે બાલસર્પ માટે એક વાંસની નળી તૈયાર કરી, અને તેમાં ઘાસ વગેરે ઘાલીને તે બાળકને રહેવા માટે સોઈ કરી આપી. વાંસની નળીમાં રહેવાથી તેનું નામ વેળુક પડયું, અને તે તપસ્વીને બધા તપસ્વી મશ્કરીમાં વેળુકપિતા કહેવા લાગ્યા.

બોધિસત્ત્વને આ વાતની ખબર પડતાં તે પેલા તપસ્વી પાસે ગયો અને તેને આ કૃત્ય નહિ કરવા ઉપદેશ કર્યો. તેણે કહ્યું:

"કાલસર્પનો તું સહવાસ કરે છે એ વાત ખરી છે?" તપસ્વીએ જવાબ આપ્યો: "હા મહારાજ, તે વાત ખરી છે. મારો તેના ઉપર અત્યંત પ્રેમ છે."

બોધિસત્ત્વે કહ્યું: "ગમે તેના ઉપર પ્રેમ કરીને તેને આશ્રય આપવો એ જોખમનું કામ છે. આ સાપથી તારા જીવિતને ધક્કો પહોંચે તો તેમાં મને જરા યે નવાઈ લાગશે નહિ."

તે તપસ્વીને બોધિસત્ત્વનો ઉપદેશ જરા પણ રુચ્યો નહિ. તેણે તે સાપનો ત્યાગ ન કરતાં તેને ખવડાવી પીવડાવી ઉછેરવાનો ક્રમ ચાલુ રાખ્યો.

એક દિવસ તે જગ્યાના બધા તપસ્વીઓ ફળની શોધ માટે ત્યાંથી દૂરના પ્રદેશમાં ગયા હતા. ત્યાં સારાં ફળ પ્રાપ્ત થવાથી તેઓ ત્યાં બે ત્રણ દિવસ રહ્યા. પાછા આવ્યા પછી વેળુકપિતાને પોતાનો વેળુક યાદ આવ્યો અને તે દોડતો વાંસની નળી પાસે જઈ હાથ આગળ કરીને ગદ્ગદ્ સ્વરે બોલ્યો: "બેટા વેળુક, આજ બે દિવસથી મેં તારી તપાસ ન કરી. મારા વિયોગથી તને કેટલું દુઃખ થયું હશે. ચાલ, બહાર આવ, હું તને ખાવા આપું." તે ભૂખ્યો સાપ અત્યંત ચીડાઈને નળીમાંથી બહાર આવ્યો અને તે તપસ્વીના હાથે કરડયો! બિચારો તપસ્વી છેવટના શબ્દ પણ બોલી શક્યો નહિ! તે ત્યાં જ જમીન ઉપર પડયો અને પ્રાણ છોડયા! તે જોઇને ધૂર્તને આશ્રય આપ્યાનું આ ફળ છે એમ બીજા તપસ્વી કહેવા લાગ્યા.

૨૩ મૂર્ખ મિત્ર કરતાં દાનો દુશ્મન સારો!

[મકસ જાતક નં. ૪૪]

જૂના વખતમાં કાશી રાષ્ટ્રમાં એક ગામડામાં પુષ્કળ સુતાર રહેતા હતા. તેમાંનો એક સુતાર પોતાના કામમાં બહુ મગ્ન થયો હતો, તે વખતે એક માખી આવીને તેના ગળા ઉપર બેઠી અને તેને બહુ ત્રાસ આપવા લાગી. તેણે પોતાના યુવાન પુત્રને કહ્યું:

" બેટા, આ માખી મને ક્યારની ત્રાસ આપે છે. તેને જરા ઉડાડ તો. "

છોકરાએ કહ્યું: " બાપા, જરા ઊભા રહો; હું તે માખીનો એકદમ અંત આણું છું. " એમ કહીને તેણે પાસે પડેલી તીક્ષ્ણ ધાર વાળી કુહાડી ઉપાડી અને પાછળ જઇ માખીને મારવા માટે તેના બાપના ગળા ઉપર મારી.

માખી તો ઊડી ગઈ, પણ સુતારના શરીરના માત્ર બે જ ટુકડા થયા ! તરત જ તેના પ્રાણ ચાલ્યા ગયા.

બોધિસત્ત્વનો તે વખતે એક વેપારીના કુળમાં જન્મ થયો હતો, અને તે પોતાના ઉદ્યોગ માટે તે ગામમાં આવ્યો હતો. આ મૂર્ખ છોકરાનું કૃત્ય જોઇને તેણે ત્યાં ભેગા થયેલા સુતારોને કહ્યું: " ભાઇઓ, ડાહ્યો શત્રુ સારો, પણ મૂર્ખ મિત્ર ન જોઈએ. આ મૂર્ખ છોકરાએ પોતાના પિતાનું કામ બજાવતાં તેનો જ નાશ કરી નાખ્યો ! "

૨૪ પોતાના સામર્થ્યનો અકાળે ઉપયોગ કરવો નહિ

(વેદબ્ભ જાતક નં ૪૮)

જૂના વખતમાં કાશી દેશમાં એક ગામમાં એક બ્રાહ્મણ રહેતો હતો. તેને વૈદર્ભ નામનો એક મંત્ર સિદ્ધ થયો હતો. તે મંત્રનું સામર્થ્ય એવું હતું કે નક્ષત્રયોગમાં તેનો જાપ કર્યો હોય તો આકાશમાંથી સુવર્ણરજતાદિક પદાર્થોની વૃષ્ટિ થાય. બોધિસત્ત્વ આ બ્રાહ્મણનો શિષ્ય હતો. એક દિવસ તેઓ બન્ને કોઇ કારણસર ચૈત્યદેશ જવા નીકળ્યા. રસ્તામાં તેમને પાંચસો ચોર મળ્યા.

આ ચોરો જામીન રાખનાર ચોરો કહેવાતા હતા. કારણકે જ્યારે તેમના હાથમાં પિતાપુત્ર બન્ને સપડાય ત્યારે પુત્રને જામીન રાખી પિતાને દ્રવ્ય લેવા માટે ઘેર મોકલતા; મોટાભાઈ અને નાનાભાઈ સપડાય ત્યારે મોટાને ઘેર મોકલતા અને નાનાને જામીન રાખતા; અને તેથી જ તે જામીન રાખનાર ચોર કહેવાતા.

આ ચોરોએ જ્યારે બોધિસત્ત્વને તથા વૈદર્ભમંત્રવેત્તા બ્રાહ્મણને પકડયા ત્યારે, ગુરુને જામીન રાખી શિષ્યને (બોધિસત્ત્વને) દ્રવ્ય લાવવા માટે ઘેર મોકલ્યો. જતી વખતે બોધિસત્ત્વે પોતાના ગુરુને એક બાજુ લઇ જઇ ધીમેથી કહ્યું: “ આજ બહુ દિવસે મંત્રના પ્રભાવે આકાશમાંથી સુવર્ણરજતાદિકની વૃષ્ટિ થાય એવો નક્ષત્રયોગ આવ્યો છે. પરંતુ આપ આ પ્રસંગે આપના મંત્રનો બિલકુલ ઉપયોગ કરશો

નહિ. જો આપ આ પ્રસંગે મંત્રજાપ કરશો તો આપનું તથા ચોરોનું અહિત થશે. તેથી ચોરો તમને ખૂબ ત્રાસ આપે તોપણ સહન કરજો. હું એક બે દિવસમાં દ્રવ્ય લઇ પાછો આવું છું ત્યાં સુધી ધીરજ રાખજો. ”

પોતાના ગુરુને આ પ્રમાણે કહીને બોધિસત્ત્વ ત્યાંથી નીકળ્યો. સૂર્યાસ્ત પછી ચોરોએ તે બ્રાહ્મણના હાથપગ બાંધી તેને નીચે સુવાર્યો. એટલામાં પૂર્વ દિશાને અલંકૃત કરતા પૂર્ણચંદ્રનો ઉદય થયો. બ્રાહ્મણે આકાશ તરફ જોયું. નક્ષત્રયોગ બરાબર છે એમ સમજીને મનમાં વિચાર કરવા લાગ્યો: “ આ વિપત્તિમાં પડવાનું કાંઇ કારણ નથી. ચોરને દ્રવ્ય જ જોઇએ છે તે જો હું હમણાં જ આપું તો તેઓ મને છૂટો કરશે, અને હું આ ત્રાસમાંથી મુક્ત થઇશ. ” પછી તેણે ચોરોને કહ્યું: “ અરે ચોરો ! તમે મને આમ શા માટે દુઃખ આપો છો ? ”

ચોર બોલ્યા: “ દ્રવ્યપ્રાપ્તિ સિવાય અમારો બીજો કોઈ પણ હેતુ નથી. ”

બ્રાહ્મણે કહ્યું: “ જો એમ જ છે તો મને આ બંધનમાંથી મુક્ત કરો. અને સ્નાન કરાવી નવાં વસ્ત્ર પહેરાવી સુગંધી પુષ્પો વડે મારૂં શરીર શણગારી મને આસન ઉપર બેસાડો. ”

ચોરોએ તેના કહ્યા પ્રમાણે કર્યું. પછી બ્રાહ્મણે મંત્રજાપ કરી આકાશ સામું જોયું. તે જ ક્ષણે આકાશમાંથી સુવર્ણરજતાદિકની વૃષ્ટિ થઇ ! ચોરોએ તે દ્રવ્ય એકઠું કરી પોતપોતાના ખેસમાં બાંધ્યું અને ત્યાંથી પ્રયાણ કર્યું. બ્રાહ્મણને તેમણે ત્યાં જ છોડી દીધો.

તે ચોરોને રસ્તામાં બીજા પાંચસો ચોરો મળ્યા, અને તેમની મોટીમોટી ગાંસડીઓ જોઇ આવનાર ચોરો તેમને પૂછવા લાગ્યા: “ આ દ્રવ્ય તમે કેવી રીતે મેળવ્યું ? આમાંથી જો અમને ભાગ આપશો

તો જ અમે તમને છોડીશું, નહિતર તમને બધાને અમે અહીં જ ઠાર કરીશું.”

દ્રવ્યવાળા ચોર બોલ્યાઃ “ભાઈઓ, અમારી સાથે લઢાઇ કરી વિના કારણુ શા માટે અમારો નાશ કરો છો ! અમારી પાછળ આવતો બ્રાહ્મણુ કેવળ આકાશ તરફ જોઇને દ્રવ્યનો વરસાદ પાડી શકે છે ! તેણે જ મંત્રસામર્થ્યથી અમને આ દ્રવ્ય આપ્યું છે.”

આવનાર ચોરોએ દ્રવ્યવાળા ચોરોને છોડી દીધા અને તેમની પાછળ આવતા બ્રાહ્મણને પકડયો, અને તેને કહેવા લાગ્યાઃ “હે બ્રાહ્મણશ્રેષ્ઠ, મંત્રસામર્થ્યથી તું ધનની વૃષ્ટિ કરી શકે છે એમ અમારા વ્યવસાય બંધુઓએ અમને કહ્યું છે, તેથી હવે મંત્રજાપ કરી ધનની વૃષ્ટિ થાય એમ કર.”

બ્રાહ્મણે કહ્યું: “ચોરો, મેં તમને ઘણી ખુશીથી દ્રવ્ય આપ્યું હોત, પરંતુ હવે આ વર્ષે નક્ષત્રયોગ બરાબર આવવાનો સંભવ નથી. આવતા વર્ષે જો તમે મને મળશો, તો નક્ષત્રયોગ બરાબર જોઇને હું તમને સુવર્ણરજતાદિકનો વરસાદ પાડી આપીશ.”

બ્રાહ્મણના આ શબ્દો સાંભળીને ચોરો બહુ જ નાસીપાસ થયા અને ત્યાં જ બ્રાહ્મણનો તેમણે વધ કર્યો. આગળ ગયેલા ચોરો પાસે બહુ વજન હોવાને લીધે તેઓ જલદી જઈ શકયા નહિ. આ ચોરોએ તેમને પકડી પાડી અચાનક તેમના ઉપર હલ્લો કરીને બધાને ઠાર કર્યા, અને તેમનું બધું દ્રવ્ય લઈ લીધું. હવે આ બાકી રહેલા પાંચસો ચોરોમાં તડ પડયાં અને કલહ શરૂ થયો. પરસ્પર મારામારી થતાં ફક્ત બે જ ચોર જીવતા રહ્યા, બાકી બધા નાશ પામ્યા. એ બે ચોરોએ વિચાર કર્યો કે આ ધન ઘેર લઈ જવાય એમ નથી માટે જંગલમાં જ કોઈ જગ્યાએ છુપાવી રાખવું. તેઓએ બધી ગાંસડીઓ એક ગુફામાં એકઠી કરી. પછી એક જણ ઉઘાડી તરવારે ત્યાં પહેરો ભરવા માટે ઉભો રહ્યો અને બીજો ખાવાનું લાવવા માટે ગામમાં ગયો.

લોભ વિનાશનું મૂળ છે. પહેરો ભરતા ચોરને વિચાર આવ્યો: "આ બીજો ચોર પાછો આવશે તો મારે તેને ધનનો અર્ધો ભાગ આપવો પડશે. તેના કરતાં તે આવે તે વખતે જ જો તેને મારી નાખું તો બધું ધન મારૂં એકલાનું થાય." ગામમાં ગયેલા ચોરે વિચાર કર્યો: "તે ધનના બે ભાગ થાય તેના કરતાં તે બધું મને એકલાને જ મળે તો કેવું સારૂં!" પાછા ફરતાં પોતાના સાથીદાર માટે લાવેલા ખોરાકમાં તેણે તીવ્ર વિષ નાખ્યું. તે ગુફા પાસે આવ્યો એટલે પહેરો ભરતા ચોરે તેના બે ટુકડા કર્યા અને તે વિષવાળો ખોરાક ખાઇ મરણ પામ્યો!

બોધિસત્ત્વ એક બે દિવસે ત્યાં આવ્યો તો તેણે રસ્તામાં પોતાના ગુરુનું શબ પડેલું જોયું. આગળ ચાલતાં ચોરોનાં શબ પણ જોયાં. તેમાંથી માર્ગ કરતાં કરતાં તે ગુફાના દ્વાર આગળ આવ્યો, અને ત્યાં બનેલો બનાવ જોઈ, ચોરોની શી દશા થઈ હશે તેનું અનુમાન કર્યું, અને ઉદ્‌ગાર કાઢ્યા: "અમારા આચાર્યે પોતાના સામર્થ્યનો અકાળે ઉપયોગ કર્યો તેથી આ અનર્થપરંપરા ઉત્પન્ન થઇ! ભળતી જ વખતે સામર્થ્યનો ઉપયોગ કરવો ન જોઇએ એ ધડો આ બનાવ ઉપરથી લેવો જોઈએ."

બોધિસત્ત્વ તે બધું ધન પોતાને ઘેર લઇ ગયો, અને દાનધર્મ કરી સદાચરણમાં પોતાનું આયુષ્ય વીતાડ્યું.